**સુવિચાર**
આપણા સંપર્કમાં આવતા સર્વ લોકો પણ આપણાથી આનંદમાં રહે એવું જીવન જીવતા રહીએ.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૬/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ જેઠ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૫૨




## અપુરતા વેતનથી ૧૨૧ જેટલા ઈન્ટર્નલ તબીબો ત્રાહીમામ

# કાળઝાળ ગરમીમાં ઈન્ટર્નલ તબીબો આંદોલનનાં માર્ગે

છેલ્લા ઘણા સમયથી માસિક ૧૮૨૦૦નાં વેતનની માંગ કરે અને મળે માત્ર ૧૦ હજાર રૂપરડી

ભગવાન પછીનું સ્થાન મેળવવાનાં હકદાર ભાવિ તબીબોની સમસ્યા દૂર કરવા કોઈ તૈયાર નથી

શિક્ષણનાં ખાનગીકરણનાં પાપે બાળકોની હાલત અતિ દયનીય બની રહી છે

એકપણ રાજકીય આગેવાન જુનિયર તબીબોની પિડા દૂર કરવા તૈયાર નથી



અમરેલી, તા. ૮
અમરેલીનાં શાંતાબા મેડિકલ કોલેજનાં જુનિયર તબીબો દર મહિને ઈન્ટરશીપ તરીકે મળતાં મામુલી વેતનથી નારાજ બનીને નિયમ પ્રમાણેનું વેતન મેળવવાની માંગ સાથે ઘણા અઠવાડીયાથી રજૂઆત કરતાં હોય તેમને ન્યાય ન મળતા ૧૨૧ જેટલા જુનિયર તબીબો કાળઝાળ ગરમી વચ્ચે હોસિપટલ કેમ્પસમાં આંદોલન કરી રહ્યા છે. અમરેલીનાં વિશાળ મેદાનમાં આવેલ અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અને અમરેલીનાં પનોતાપુત્ર ડો. જીવરાજ મહેતાએ પોતાની દીર્ઘદ્રષ્ટિથી જિલ્લાની જનતાને મફતમાં **અનુસંધાન પાના ૬ ઉપર**

### સુખપુર ગામનાં યુવકે કરી ફરિયાદ

## બાબરામાંથી પવનચક્કીનાં વાહનો પસાર કરાવવા માટે નાણાની માંગણી

અમરેલી, તા. ૮
બાબરા તાલુકાના સુખપુર ગામે રહેતા વિક્રમભાઈ અનકભાઈ ચાવડા નામનાં ૩૮ વર્ષિય ખેડૂત પવનચક્કીની ગાડીઓ કોટડાપીઠા ગામે **અનુસંધાન પાના ૬ ઉપર**




૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
**63,290/-**
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૮/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




### બાકી રૂપિયાની ઉઘરાણી કરતાં ડખ્ખો

## ધારીમાં ખરખરાનાં કામે ગયેલ પરિવારને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરાયો

અમરેલી, તા. ૮
વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામે રહેતા વજુભાઈ દુદાભાઈ વાઘેલા નામનાં ૪૭ વર્ષિય આધેડ તથા તેના પરિવારના સભ્યો ધારી ગામે રહેતા **અનુસંધાન પાના ૬ ઉપર**



## સોશ્યલ મીડિયામાં ભાજપનાં અગ્રણીએ તંત્રનો ચહેરો ખુલ્લો કર્યો

# વહીવટીતંત્રની નિષ્ક્રીયતા સામે ડો. કાનાબારનો જબ્બરો કટાક્ષ

**ચૂંટણીની આચારસંહિતાનાં નામે વહીવટીતંત્રએ આમ આદમીનાં જરૂરી કામોનો નિકાસ ના કર્યાનો કટાક્ષ**

**ભાજપનાં મોટાભાગનાં આગેવાનો ડરનાં માર્યા કશું બોલી શકતા નથી ત્યારે ડો. કાનાબારનો આત્મા અવારનવાર જાગી જાય છે**

**દેશમાં નાની–મોટી ચૂંટણીઓ અવારનવાર યોજાતી હોવાથી જનતા થાય છે પરેશાન**

**કાચબાની ગતિએ કામ કરતું તંત્ર આચાર સંહિતામાં મુર્છામાં આવી જતું જોવા મળે છે**

અમરેલી, તા. ૮

ચૂંટણીની આચાર સંહિતા પૂર્ણથતા આચાર સંહિતા મુદ્દે અમરેલીના નેતા ડો. ભરત કાનાબારનું ધગ ધગતું ટ્વીટ સામે આવ્યું છે. ૧૭ માર્ચે લાગુ પડાયેલ આચાર સંહિતા ૮૪ દિવસ અમલમાં રહી હતી જે આચાર સંહિતા ભંગ બદલ કોઈ રાજકીય આગેવાનને સજાથઈ હોય તેવો એક દાખલો સંભાળ્યો નથી. પણ વહીવટી તંત્રને આટલા લાંબા



સમય સુધી લકવો થઈ ગયો જેનો દંડ નિર્દોષ જનતાએ ભોગવવાનો વારો આવ્યો છે.

લોકોના વ્યાજબી કામો રખડે છે આચારસંહિતાને બ્હાને પેધી ગયેલા કર્મચારીઓને લોકોના કામો ટાળ વાનું બ્હાનું મળે છે. મરઘી ઈંડા પર બેસી રહે તેમ કર્મચારીઓ ફાઈલ પર બેસી રહે છે. આચારસંહિતાનો અર્થ એવો નથી કે રોજબરોજના વ્યાજબી કામ કરી ન શકાય. નાચવું નહિ ને આંગણું વાંકું. લોકસભા અને પછી વિધાનસભાની ચૂંટણી પછી વધારામાં સ્થાનીક સ્વરાજની ચૂંટણીઓ–સરવાળે ૫ વર્ષમાં ૫–૬ મહિના તંત્રને તાળું લાગી જાય છે અન્ય સમયમાં કાચબાની ગતિએ કામ કરતું વહીવટી તંત્ર આચાર સંહિતાના નામે મૂર્છામાં આવી જાય છે સહિતના મુદાનું ડો. કાનાબારનું કટાક્ષ ભર્યું ટ્વીટ હાલ ચર્ચામાં છે.

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ સમસ્યાનું કરે નિરાકરણ

# બાબરામાંથી પસાર થતાં સ્ટેટ હાઈવે ઉપર મસમોટો ખાડો પડવાથી વાહનચાલકો પરેશાન

**મોટો અકસ્માત સર્જાય તે પહેલા ખાડો બુરવો જરૂરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડપર આવેલ સ્પીડ બ્રેકરમાં નાનો ભુવો પડયો ચોમાસા પહેલા મરામત કરવામાં આવે નહિતર વરસાદ પડતાં કોઈ વાહન પસાર થશે તો મોટો અકસ્માત સર્જાશે.

બાબરામાં રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડપર નિલવડા ચોકડી પાસે આવેલ સ્પીડ બ્રેકરમાં એક નાનો ભુવો પડયો છે જે ખૂબ ઊંડો છે. જો વરસાદ પડતાં આ ભુવો ધીમે ધીમે મોટો થશે તો કોઈ નાના મોટા વાહન પસાર થશે તો ગંભીર અકસ્માત સર્જાશે. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી અહીં ભુવાની મરામત કરવામાં આવે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

બાબરામાં છેલ્લા ઘણા સમયથી સ્ટેટ હાઈવે રોડની મરામત કરવાની છે અહીં નાના બસ સ્ટેન્ડથી અમરેલી રોડ તેમજ યાર્ડ પાસેથી બસ સ્ટેન્ડ સુધી પણ રોડ અતિ ખરાબ હાલતમાં જે ચોમાસા દરમિયાન ખુબ જ ખરાબ હાલત થાય છે રોડ પર વરસાદનું પાણી પણ ભરાય છે જેથી રાહદારીઓને પસાર થવામાં મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડે છે. હવે સ્પીડ બ્રેકરમાં નબળા કામના લીધે ભુવો પડયો છે જે ભ્રષ્ટાચારની ચાડી ખાય છે. ત્યારે તંત્ર આ ભુવો મરામત કરવામાં કેટલી ગંભીરતા દાખવે છે કે કોઈ મોટો અકસ્માત સર્જાય તેની રાહ જોવે છે તે જોવું રહ્યું.

### જિલ્લા પંચાયતની નાણાપંચની ગ્રાન્ટમાંથી

# બાબરાનાં ઈશ્વરીયા અને કીડી ગામનાં ગંદકીના નિકાલ અર્થે ટ્રેકટરની ફાળવણી

**જિલ્લા પંચાયતનાં સદસ્ય નીતિન રાઠોડનાં હસ્તે લોકાર્પણ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

કરીયાણાં જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ દ્વારા પોતાની સીટ હેઠળ આવતા ઈશ્વરીયા અને કીડી ગ્રામ પંચાયત કચેરી ને કચરો કલેક્શન કરવા માટે ટ્રેકટર આપવામાં આવ્યું છે જે જિલ્લા પંચાયતની નાણાંપંચની ગ્રાન્ટમાંથી નીતિનભાઈ રાઠોડે મંજુર કરાવતા સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચ સહિત લોકોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી. જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે ગ્રામ પંચાયત દ્વારા ડોર ટુ ડોર કચરો કલેક્શન કરી શકે અને ગામમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જિલ્લા પંચાયત ની નાણા પંચ ની ગ્રાન્ટમાં થી ઈશ્વરીયા અને કીડી ગામમાં કચરા કલેશન માટે ટ્રેકટર અર્પણ કરવામાં આવ્યું છે ઈશ્વરીયા ગામમાં એક ટ્રેકટર લોકાર્પણ કરાયું છે આગામી દિવસોમાં કીડી સહિત અન્ય ગામોમાં પણ ટ્રેકટરનું લોકાર્પણ કરવામાં આવશે.

### શિક્ષણ વિભાગે મામલતદારને લિસ્ટ મોકલ્યુ

# રાજુલા પંથકની ૧૬ ખાનગી શાળાઓમાં ફાયર સેફટીનો અભાવ હોવાનુ ખુલ્યુ

અમરેલી, તા. ૮

રાજકોટના અગ્નિકાંડ બાદ સમગ્ર ગુજરાત સૌરાષ્ટ્રમાં સલામતીના ભાગરૂપે કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવી હતી અમરેલી જિલ્લામાં કોમ્પ્લેક્ષ સિનેમા દુકાનો મોલ, શો રૂમ, સામાજિક વાડીઓ સામે સિલ મારવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જિલ્લા શિક્ષણ અધિકારીનીના સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા શહેરની શૈક્ષીણક સંસ્થા શાળાઓમાં શિક્ષણ તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવી હતી જેમાં ૧૬ જેટલી શાળાના જરૂરી સવલતોનો અભાવ જોવા મળતા સ્થાનિક મામલતદારને લિસ્ટ આપી જાણ કરવામાં આવી છે સાથે પ્રાંત અધિકારી જિલ્લા શિક્ષણ અધિકારી સહિતને પત્ર મારફતે જાણ કરી દેવાય છે. ઉપરાંત શાળાઓને શિક્ષણ વિભાગ દ્વારા ૭ દિવસ માટેનો સમય આપ્યો છે ખુલતા વેકેશન પહેલા સેફટી સાથે ખોલવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે ત્યારે કેટલી શાળાઓ સેફટી સાથે ખુલશે તો કેટલી શાળાઓ ફાયર સેફટી વગર જ ખુલી જશે? તેવા સવાલો ઉઠી રહ્યા છે. હાલ શાળાની સુવિધાને લઈ તાલુકા શિક્ષણાઅધિકારી દ્વારા હાલની સ્થિતિ અંગે જવાબદાર તંત્રને લેખિતમાં વાકેફ કરી દેવાયા છે.

૧૬ જેટલી શાળાનું લિસ્ટ તૈયાર કર્યું રાજુલા શહેરમાં હરિકૃષ્ણ વિધાલય ભેરાઈ, સત્યમ પ્રાથમિક શાળા કુંભરીયા, સરસ્વતી વિધા મંદિર કોવાયા, નોબલસ્કૂલ દેવકા, સરસ્વતી વિધાયલય માંડળ, સેન્ટ થોમર સ્કૂલ રાજુલા, સરસ્વતી વિદ્યાલય રાજુલા, સંસ્કૃતિ વિદ્યાલય ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સેન્ટમેરી સ્કૂલ રાજુલા, પ્રિતમ શાળા અને રડીયન્ટ ઈંગ્લીશ સ્કૂલ, સ્વામિનારાયણ ગુરૂકુળ, સરસ્વતી વિદ્યાલય છતડીયા રોડ, સરસ્વતી ડે સ્કૂલ, કાન્હા વિશ્વ વિદ્યાલય રાજુલા, સેન્ટ જોસફ ઈંગ્લીશ, સનલાઈફ સ્કૂલ, ઈન્ડિયન પબ્લિક સ્કૂલ સહિત ૧૬ જેટલી શાળાઓનો સમાવેશ થાય છે. રાજુલા તાલુકા શિક્ષણ અધિકારી હીનાબેનએ કહ્યું કેટલાક પ્રોસેસમાં છે તો કેટલાકને એનઓસી નથી એટલે ૭ દિવસનો સમય આપ્યો છે. અને વેકેશન ખુલે ત્યાં સુધીનો મેં ડિઝાસ્ટર મામલતદાર જિલ્લા શિક્ષણ વિભાગને જાણ કરી દીધી છે હવે પછી ફાયર સેફટી નહિ હોય તો ડિઝાસ્ટર વિભાગ નકકી કરશે તેની સીલ કરવી કે કેમ ?

### ચંદ્રાબાબુ નાયડુ, નીતિશકુમારને રાજી રાખવામાં જ સમય પસાર થશે

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આગામી પાંચ વર્ષ સરકાર ચલાવવામાં ધોળે દિ'એ તારા દેખાવાના છે

**સીએએ, એનઆરસી, હિંદુ રાષ્ટ્ર જેવા કામો ભૂલી જવા પડશે**

અમરેલી, તા. ૮

દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમનાં સત્તાકાળનાં ૨૩ વર્ષમાં સૌ પ્રથમવાર ગઠબંધન સરકાર ચલાવવાનાં દિવસો આવ્યા છે. જેમાં ટીડીપીનાં સર્વે સર્વા ચંદ્રબાબુ નાયડુને સાચવવા એટલે લોઢાનાં ચણા ચાવવા જેવું સાબિત થવાનું છે. તો જેડીયુનાં નીતિશકુમાર પલ્ટુરામ તરીકે ઓળખાતા હોય કયારે સાથ છોડી દેશે તેની કોઈને ખબર નથી.

નરેન્દ્ર મોદીએ ૧૩ વર્ષ મુખ્યમંત્રી અને ૧૦ વર્ષ પ્રધાનમંત્રી તરીકે સ્પષ્ટ બહુમતી ધરાવતી સરકારનું નેતૃત્વ કરેલ છે અને હવે સૌપ્રથમ ગઠબંધન સરકાર ચલાવવાનો તેમને કોઈ અનુભવ નથી અને આંધ્રપ્રદેશ અને બિહારને કરોડો રૂપિયાનું પેકેજ દેવું પડશે અને મંત્રી પદ પણ તેઓને દેવા પડશે તેવું લાગી રહ્યું છે.





### નાયબ દંડક વેકરિયા અને પી.પી. સોજીત્રાની મધ્યસ્થીથી

# અંતે અમરેલીનાં સરદાર શોપિંગ સેન્ટરમાં લાગેલ સિલને ખોલી દેવામાં આવ્યું

**વેપારીઓએ ફાયર સેફટીની બાંહેધરી આપતા સિલ ખોલાયા**

અમરેલી, તા. ૮

આજથી ત્રણ દિવસ પહેલા અમરેલીનાં સૌથી મોટા ૩૫૦ જેટલી દુકાનો ધરાવતા માર્કેટીંગ યાર્ડના સરદાર શોપીંગ સેન્ટરમાં ફાયર સેફટીની સુવિધાઓ ન હોય સીલ કરવામાં આવેલ હોય. જેથી દુકાન ધારકો ધંધા વિહોણા થઈ જતા માર્કેટીંગ યાર્ડના પૂર્વ ચેરમેન અને અમરેલીના વિકાસ પુરૂષ પી.પી. સોજીત્રાને રજુઆત કરતા તેઓ દ્વારા તમામ દુકાન ધારકો સાથે સંકલન કરી ફાયર સેફટીની સુવિધા માટેની પ્રક્રિયા શરૂ કરાવી દિધેલ અને ફાયર વિભાગને દુકાન ધારકો પાસેથી બાંહેધરી લઈ અને રજુ કરાવી દીધેલ.

ધારાસભ્યએ તેમજ આ સમસ્યા સંબંધે અમરેલીનાં નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા દ્વારા સતત ટેલીફોનીક રીતે સંપર્કમાં રહી ફાયર ઓફિસર સાથે સંકલન કરી કાયદાકીય





પ્રક્રિયા પુરી કરાવેલ.

ઉપરોકત બંને મહાનુભવો પી.પી. સોજીત્રા અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાનાં સહકારથી દુકાનોનાં સીલ ખોલાવી આપી અને ફાયર સેફટી એકટનાં કાયદા અંતર્ગત કાર્યવાહી કરવાની પ્રક્રિયા શરૂ કરાવી દિધેલ હોય અને આ કોમ્પ્લેક્ષ ફાયર સેફટી સુવિધા સત્વરે ઉભી થઈ જશે તેવી કામગીરી કાર્યકરત કરાવેલ છે.

જેથી આ સમગ્ર સમસ્યાનો સુખદ ઉકેલ પી.પી. સોજીત્રા અને કૌશિકભાઈ વેકરિયાને લઈ થયેલ હોય સરદાર શોપીંગ સેન્ટરનાં દુકાન ધારકો તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે. તેમજ નગરપાલિકા સ્ટેન્ડીંગ સીટી સભ્ય મનીષભાઈ ધરાજીયા ત્થા ટીમ નગરપાલિકાએ પણ સહકાર આપેલ હોય તેમનો પણ અભાર વ્યકત કરેલ છે.

# દામનગરનાં નાયબ ઈજનેરની કામગીરની ઠેર–ઠેર પ્રશંસા

દામનગર, તા. ૮

દામનગર પીજીવીસીએલ ના નાયબ ઈજનેર જે એ ચૌહાણની કામગીરીને બદલાવતા શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણ દામનગર પીજીવીસીએલના અધિકારી ચૌહાણ અને તેમનો સમગ્ર સ્ટાફ અત્યાર સુધીમાં શાખપુરમાં સરપંચ જશુભાઈ ખુમાણ દ્વારા અનેક પ્રશ્નો રજૂ કરવામાં આવેલ જેના મોટાભાગના પ્રશ્નોનું નિરાકરણ દામનગર પીજીવીસીએલ ની ટીમ દ્વારા લાવવામાં આવતા શાખપુર ગામમાં લાઈટના પ્રશ્ન બાબતે ઘણા વર્ષો જૂના પ્રશ્નોને સોલ્યુશન આપવામાં આવ્યું છે ટીસી બદલવું જે સુવિધા પંથ રોડ બન્યો છે તેમાં નૂફતર પોલ કાઢવા ઉંચી ટાંકી બની ત્યાંથી ઈલેવન લાઈન દૂર કરવી જેવા અનેક પ્રશ્નોનું પીજીવીસીએલની



ટીમ દ્વારા નિરાકરણ લાવવામાં ને સમગ્ર દામનગર સ્ટાફને ગમે ત્યારે ફોન કરીએ ત્યારે તાત્કાલિક તેનું રીપેરીંગ કેમ થાય અને વહેલી તકે પુરવઠો કેમ મળે તે બાબતમાં સજાગ રહીને દામનગર પીજીવીસીએલ ટીમ ખૂબ સારી કામગીરી કરી રહી છે જેને શાખપુર સરપંચ દ્વારા ખૂબ બિરદાવીને પ્રશંસા કરવામાં આવી હતી.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

મો. ૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

## રૂપિયા ૮૬ લાખનાં ખર્ચે પ્રાથમિક શાળા, ૩ લાખનાં ખર્ચે પુલ બનાવાશે

# ભૈ વાહ : સાવરકુંડલાનાં મેરિયાણા ગામે ૯૨ લાખનાં ખર્ચે વિકાસકાર્યો થશે

ગામજનો અને સરપંચ દ્વારા ધારાસભ્ય કસવાલા સમક્ષ થયેલ રજૂઆત બાદ વિકાસકાર્યોનો પ્રારંભ

સમસ્ત ગામજનોએ ધારાસભ્યની કામગીરીની ભરપૂર પ્રશંસા કરી

ગોકુળીયા ગામ બનાવવાનાં ધ્યેય સાથે ધારાસભ્ય આગળ વધી રહ્યા છે

આગામી પાંચ વર્ષમાં સાવરકુંડલા-લીલીયા પંથકમાં અનેક વિકાસકાર્યો પૂર્ણ થઈ જશે



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા-લીલીયા વિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ચૂંટાયા બાદ સરકારમાંથી માતબર રકમો સાથે અનેકો વિકાસનાં કામો લાવી રહ્યા છે અને તેનું પરીણામ સાવરકુંડલા-લીલીયાની જનતા જોઈ રહી છે. ત્યારે મેરીયાણા ગામે વિવિધ વિકાસના કામોનાં ખાતમુર્હુત કરવા પહોંચ્યા હતા. જેમાં મેરીયાણા સરપંચ, જિલ્લા પંચાયતના ચેરમેનો, તાલુકા પંચાયતના પ્રમુખ, ભાજપના આગેવાનો અને ગ્રામ પંચાયત સદસ્યો તથા ગ્રામજનોની હાજરીમાં રૂા. ૮૬ લાખના ખર્ચે પ્રાથમિક શાળા તથા રૂા. ૩ લાખના ખર્ચે બાપાસીતારામનો પુલ અને રૂા. ૩ લાખના ખર્ચે સ્મશાન શેડનું ખાતમુર્હુત કર્યુ હતું. મેરીયાણા ગામની બહેનો ધ્વારા ધારાસભ્ય કસવાલાને સાલ ઓઢાડી પુષ્પગુચ્છથી નમ્રતાપૂર્વક સન્માન કર્યુ હતું તેમજ ગામના લોકોએ ખૂબ જ હર્ષોઉલ્લાસથી ધારાસભ્યની કામગીરીને વધાવ્યા હતા. આ સાથે ધારાસભ્ય કસવાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ કામોથી ગ્રામજનોની અભિવૃધ્ધિમાં વધારો થશે અને આવનારા સમયમાં પણ હજુ ઘટતી ગ્રાન્ટ આપવા માટે વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ સાથે ગામના સક્રીય સરપંચ હિતેશ ખાત્રાણીની પ્રમાણીક કામગીરીને બિરદાવી હતી. આ સમગ્ર આયોજનમાં શિક્ષણ સમિતિનાં ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, સિંચાઈ સમિતિના ચેરમેન લાલભાઈ મોર, જિલ્લા પંચાયત સદસ્ય લાલભાઈ મોર, તાલુકા ભાજપ પ્રમુખ જીવનલાલ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપા મહામંત્રી ચેતનભાઈ માલાણી, ગામના ઉપસરપંચ દીલુભાઈ ધાધલ, પ્રાથમિક શાળાના આચાર્ય ગુણવંતભાઈ વાળા અને મેરીયાણા ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમ અટલધારા કાર્યાલય ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવાયું હતું.

### પુત્રીએ લવમેરેજ કર્યાનાં મનદુઃખે

## સાવરકુંડલાનાં બગોયા ગામનાં વૃધ્ધ ઉપર 3 ઈસમોએ કર્યો હુમલો


અમરેલી, તા. ૮

સાવરકુંડલા તાલુકાના બગોયા ગામે રહેતા અને ગ્રામ પંચાયતમાં પટાવાળા તરીકે નોકરી કરતાં બાઘાભાઈ લાખાભાઈ પાટડીયા નામનાં ૫૯ વર્ષિય વૃધ્ધ ચાલીને જતા હતા અને બગોયા તા. ૬ના રોજ સાંજે ૭ વાગ્યે ગામના પાદરમાં પહોંચેલ. ત્યારે તેજ ગામે રહેતા રવીભાઈ જયંતીભાઈ ચુંદરાણા, દિપકભાઈ જયંતીભાઈ ચુંદરાણા તથા રાહુલ જયંતીભાઈ ચુંદરાણા નામનાં આરોપીઓ બાંકડા ઉપર બેઠા હોય અને આરોપીઓએ દોઢ વર્ષ પહેલા વૃધ્ધની દિકરી વૈશાલીબેન તથા આરોપી રવીભાઈ જયંતીભાઈ ચુંદરાણા બંને ભેગા ભાગી જઈ અને મૈત્રી કરાર કરેલ હોય. જે વાતનું મનદુઃખ અને અદાવત રાખી આરોપીઓએ લાકડીનો એક ઘા વૃધ્ધને પાછળથી પીઠમાં મારી ઈજા કરી તથા લાકડીનો એક ઘા ડાબા પગના સાંથળમાં મારી ઈજા કરી. જેથી વૃધ્ધ પડી જતા આરોપીએ કુહાડીના ત્રણ ઘા ડાબા પગના નળામાં મારી ગંભીર ઈજા કરી વૃધ્ધને કહેલ કે તારા દિકરાને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪




જોઇએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪










અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..
ધો. 10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. 10 P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો.. | નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી


# જયતિ જયતિ જય કૃપાનિધાના

ભગવાનની ઉંમર વિશે હું નાની હતી ત્યારથી બાપુજી દ્વારા અને પછી ભગવાનના સ્વમુખે પણ જુદુ જુદુ સાંભળતી રહી છું. ખરે, ખર સાચો આંકડો તો કોઈને ખબર નથી. જો કે આજે પણ મને ઘણા લોકો ભગવાનની ઉંમર વિશુ પૂછે છે. હુ વિષે અજાણ છું. તેમ જ તે બાબત મને જાણવાનો રસ નથી. કારણ મારા ભાવ પ્રમાણે હુ જાણુ છું. ભગવાન,

વ્યાપક એક બ્રહ્મ અવિનાશી. સત ચેતન ઘન આનંદ રાશી. બાકી જે કંઈ સાંભળ્યુ છે.તે પ્રમાણે પ્રથમ બાપુજીએ કહેલુ, લગભગ ૧૯૫૦માં ચાંદીવાલીમાં રાત્રે થોડા ભાઈઓ સેવા કરતા હતા. તે વખતે એક ભાઈએ પ્રશ્ન હતો કે, ''બાપુ, આપકી ઉંમરી કીતની?'' ભગવાને કહ્યું, ''સાધુકી ઉંમર જાનકર કયા કરોગે?'' ત્યારબાદ એક ગુરુ ભાઈએ બધા પાસેથી પોતાનો અનુભગ મંગાવી ચોપડી છપાવવાની દ્રષ્ટિથથી ભગવાન પાસે વાત રજુ કરી. તેને માટે ભગવાની જન્મની તારીખ અને સાલ પૂછતા કહ્યું, ''દેખો, સત્ય લિખેંગે તો દુનિયા માનેગી નહી' ઔર જુઠ લિખના અપના કામ નહિ'', ઈસીલીયે યહ સબ છોડો.'' પછી તો ૧૯૬૦માં ભગવાન ગલતાજી પધાર્યા ત્યારે મૌન હોવાથી લખી આપેલુ', ''સન ૧૫૩૬ મૈ' મુઝે યહા દિવ્ય દર્શન હુઆ થા'' તેમજ ૧૯૬૨માં પપરેંદામાં વિષ્ણુ મહાયજ્ઞ વખતે વાતવાતમાં બોલાવ્યા, ''પહલે તો સાલહે'' ઐસે એક દો યજ્ઞ બરાબર કરતા થા. અબ તો દેશકાલ પરિસ્થિતિ બદલ ગઈ ઔર શરીર ભી ચલતા નહી.' ઈસલિયે નહી કરતા પાતા હુ ' ઔર આજ તક એક હજાર યજ્ઞ કર ડાલે હોંગે.'' આ સાંભળીને મનહરભાઈ હિસાબ કરવા લાગ્યા અને કહ્યું કે, '' ભગવાન તો તમારી ઉંમર કેટલી?'' ત્યારે વાત ઉડાવી દીધેલી. મારા પ્રથમ પૂજનના પ્રસંગમાં પણ અકબર પોતે જોયો છે તે વાત કરતા પણ મનહરભાઈ હિસાબ કરવા લાગ્યા ત્યારે વાત ટાળી નાંખેલી. આ રીતે ઉંમર બાબત રસ ધરાવતી વ્યકિતઓ પાંચસો વર્ષથી ઉપર ઉંમર ગણાવે છે. મોટા ભાગના લોકો જાણવાની ઉત્સુકતા રહે છે. બિહારમાં પણ એક દિવસ એક અજાણી વ્યકિતએ આવી પૂછેલુ, ''બાબાજી, આપકી ઉંમર કિતની હૈ?'' તો કહ્યું, '' ૭૫ સાલ'' પાસે રહી આવી જુદી જુદી વાતો સાંભળ તો ભલ ભલના ભ્રમ થઈ જાય તેવી લીલી કરતા.ભેળા બેસનારા ભરમાણા,મોટાના તળિયા ના મળ ના મળે...ઉમા દારૂયોશિતકી નહી, સબહી નચાવતરામ ગુસાંઈ.

છેલ્લે ૧૯૭૦માં ભાગવાનની નાજુક તબિયત વખતે ડોકટરે બાબુભાઈ ઘેલાણી ભગવાન પાસે રહેતા. તઓ ભલા ભોળા ભગવાન પ્રત્યે ફકત ડોકટરી ફરજન બજાવતા સેવાભાવ પણ સેવતા. તેમણે ઉંમર વિષે પૂછેલુ.' ત્યારે કહ્યુ, '' છપ્પન સાલ.''

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

આટલી ઉંમર તો હિસાબે માની શકાય તેમ હતી નહી તેણે કહ્યું, ''બાબાજી, સાચુ કહોને! આટલો ઉંમર કેમ હોઈ શકે? શું આપ ખોટુ બોલો છો?'' ત્યારે કહેલુ, ''દેખો બાબુભાઈ, મૈ ઝુઠ કભી નહી બોલતા હું, છપ્પન જરૂર હૈ પરંતુ ઉસસે પહલે એક, દો,તીન ચાર પાંચ કિતના લગાના વો તુમ જાનો.'' આ વાત પરથી અમુક વ્યકિતઓ પાંચસો છપ્પન સાને છે. બાબુભાઈનો સેવા ભાવ અને શરણાગતિ જોઈ ભગવાને તો કડકાઈથી કહેતા, '' કયા તુમ ઐસા ખાતે હો?યહ ન સમઝના કિ તુમ ઈન પર ઉપકાર કરને આયે હો, ઉલ્ટા યે લાપ લોગો પર ઉપકાર કરતે હે કિ તુમ્હે' અપને ઋણસે મુકત કર રહે હે.''

આ રીતે દરેક કાર્યકરને પોતાના


સંપાદક : મહેન્દ્ર સી. જોષી

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)

સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી

(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)




કાર્યમાં સાવધાન રાખતા. બિહારમાં તે વખતે આ વિપિતિનો લાભ લઈ મોટા પાયે ધર્માંતર કરવાનુ કામ જોરશોરથી ચાલુ થઈ ગયેલ. ભગવાનની કૃપાથી રાહતકાર્યથી તે રીતે હિન્દુ વર્ગ ધર્માંતરથી બચી ગયો. ''જહા કોઈ નહિ જાયેગા વહા હમ જાયેગે,'' આ સિધ્ધાંત પ્રમાણે પલામુ જિલ્લાના રંકા ગામે આ કામ ચાલુ રહ્યુ હતુ. અહી લગભગ સોળ માઈલ દૂરથી ટેન્કરો દ્વારા શત દિવસ પાણી પહોંચાડવામાં આવતુ, આખી રાત દાળભાત બનતા અને સવારે દસ વાગ્યાથી પંગત ચાલુ થઈ જતી તે છેક બપોરો ત્રણ ચાર સુધી ચાલતી. આ રીતે નિત્ય પાંત્રીસથી ચાલીસ હજાર માણસો જમતા. ર'કાથી થોડે થોડે દૂર ચિનીયા,બરવારી વિગેરે ગામોમાં ટૂક દ્વારા પહોંચાડવાનુ હતુ. જોઈએ તો સામાન ડાલ્ટનગ'ઝથી લાવવામાં આવતો. શરૂમાં તો સરંકારી માણસો દ્વારા વિરોધ પણ સારો થયો. આ રીત તો પ્રજા આળસુ થઈ જશે વિગેરે. પરંતુ ભગવાન ખૂબ સારી રીતે આ વાતનો જવાબ આપતા કે, ''દેખિયે, અભી તો ઈન લોગોંકે શરીર કામ કરને લાયક હૈ નહી ફિર ભી ભોજન દેકર કામ કરને શકિત મૈ'દેતા હુ' ઔર ઈન લોંગોકા કામ દેના આપકા કર્તવ્ય હો જાત હૈ, ઈન લોગોંસે સડક બનવાઈયે. ચાહે તાલાબ, કુએ ખુદવાયે. જો ભી આપકો ઉચિત લગે કામકરવા સકતે હૈ ઔર યહ તો બતાઈ યે કિ આપને યહાંકા ભોજન ચખકર દેખા હૈ? ઐસા ભોજન પાને કે લિયે દો–ચાર મિલસે પૈદલ ચલકર કોન આયેગા વહ વિચાર કિયા? હમ ઈનકો મિઠાઈ બાટતો નહી' હૈ જિસકો પાસ કુછ નહી હૈ વો હી તો યા આતે હૈ. એકબાર અચ્છી વર્ષા હો જાને પર ઈનકો કામ મિલતે હી યે લોગ અપને આપ બંધ હો જાયેગે.

''ભગવાન સાથેનો વાર્તાલાપ તેમ જ કાર્યનુ

નિરક્ષણ કરી, ખુશી વ્યકત કરતા સંતોષ સાથે અધિારીઓ જતા રહેતા. ભગવાન જાહેરાત કરવા ખુબ વિરોધી રહ્યા હતા. હંમેશા કહેતા, ''કામ કરો, ઢો–ઢોં નહી.'' પરંતુ અહી મોટા પાયે લાંબા સમય કામ ચાલતા મિનિસ્ટરો વિગેરે જોવા આવતા હોવાથી છાપામાં જાહેરાત થતીતે તે તેમને જરા પણ ગમતુ નહી. આ જાહેરાતી કહેવાતા મોટાલોગોની ભીંડ વધવા લાગી ત્યારથી હવે જાણે ભગવાન પોતાની લીલા સંકેલવા માંગતા હોય તેમ જાણવાલાગ્યુકારણ.

બહુરિ રા અસ મન અનુમાના, હોઈહિ બીર સબહિ મોહિ જાના ફૂલના હાર ચડાવતા ત્યારે સાવધાન રહેતા કહેતા, ''દેખો, આપ લોંગોંકા ભાવ બરાબર હૈ, લેકિન ભાવ સે ચડાયા હુઆ એક પુષ્પ ભી બહુત હોતા હૈ. સોચો, યદિ ઈતને રૂપયે જીસે જરૂરત હૈ ઐસી વ્યકિતકો દેકર કિસી પ્રકારસે મદદ કરો તો કિતના ઈચ્છા હોવે. મધ્યમ વર્ગકી દશા અધિક દયનીલ હોતી હૈ, ન કિસીસે માંગ સકતે હૈ ઔર વ્યવહાર પૂર્ણ રૂપસે સમાલને પડતે હૈ. કિસી બચ્ચોંકી પઢાઈ રૂઢતી અનાજ યા કપડોકી જરૂરત હોવે ચૂપચાપ પહોંચા દેના ચાહિયે. યદિ સમાજકી હરેક વ્યકિત અપની શકિત અનુસાર અપના કર્તવ્ય સમજકર એક દુસરોકે પ્રતિ પ્રેમભાવ રખકર સહાયતા દેતા રહે તો ગરીબી કહા રહેગી? મધ્યમ વર્ગકો ગૂપચૂપ મદદ કરની હી ચાહિયે. ઈસમે' માન, કર્તિ સબ નહિ.' પરંતુ અંતરેક આશિર્વાદ અવશ્ય મિલતે હૈ ઔર યહ માનવકા કર્તવ્ય હૈ.આજના ઘણા નિજ અનુભવ પછી સ્પષ્ટ સમજાયુ ગયુ છે કે મોટા મંદિરો, મોટા સ્થાનો, મોટા આશ્રમો, અને મોટા નામના બધા કામ પણ મોટા હોય છે. જયા હજારો અને લાખો રૂપિયાની વાતો થતી હોય ત્યાં કોઈ પ્રેમભાવપુર્વક શકિત ઉપરવટ થઈ સો–બસો રૂપિયા આપી આવે તોૈ તેની શુ કિંમત કે ત્રણથી? તેના કરતા ભગવાને આ રીતે બતાવ્યા પ્રમાણે તેવી નાની રકમની કોઈ એક વ્યકિતને પણ મદદરૂપ થઈ શકાય તો ભગવાનના કૃપાપાત્ર બની શકાયછે. બાકી મોટાસ્થાનોમાં તો, ''લોભીયા બેઠા છે ધન ભેળ કરવા....'' આજે સમાજના મોટાભાગે શ્રીમતો નામના માટે દાન કે પરમાર્થે કાર્ય કરતા દેખાય છે. પરંતુ સાથેસાથે એ પણ જોવા મળે છે કે તેમની પોતાની જ ધાર્મિક કે સાંસારિક પરિવારની કોઈ વ્યકિત આર્થિક રીતે નબળી હોય તો તેમના પ્રત્યે હમદર્દી કે પ્રેમભાવ રાખવાને બદલે તેમનાથી ઘણા, તિરસ્કારની ભાવના સેવે છે. તેથી આવી વ્યકિતઓને પ્રેમભાવપૂર્વક મદદ પહોંચાડવી અતિ આવશયક છે.

આ સાથે સાથે કોઈ કોઈ વ્યકિત અહીની પ્રજાને આધ્યાત્મીક માર્ગે વાળવા માટટે પણ સુચન કરતા ત્યારે ભગવાન કહેતા, '' અરે ભાઈ, પહલે પેટકા તો કરો પીછે ઠેડકા, ઈનકે પેટકો ભોજન નહિ મીલેગા તબ તક ભજનકા વિચાર કરના વ્યર્થ હૈ,'' એકવાર ઈન્કમટેકસ ઓફિસર આવ્યા અને આટલા મોટા પ્રમાણ કામ ચાલતુ જોઈ હિસાબા માંગવા લાગ્યા. તેમજ આટલી મોટી રકમ કયાંથી આવે છે કે વિશે પૂછપરછ કરરતા ભગવાન કહ્યુ, '' દેખો, ભાઈ, હમારા તુમ્હારા એકસાદી તો ધંધા હૈ.'' તેઓ ને સમજયા, ચોંકી ગયા, ભગવાને કહ્યુ, ''આપ કાયદે કાનૂન ઈન્કમટેકસ લેતે હો ઔર મૈ' પ્રેમસે લેતા હું'. જીસકે પાસ જીતની સુવિધા હોતી હે પ્રેમસે દે જાતે હૈ.''

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**અમૂલ્ય સોનેરી દસ્તાવેજ સુખી અને સાર્થક જીવનનું રહસ્ય**


Game is not lost till there is one - મતલબ કે રમતમાં તમારી પાસે જો માત્ર એક ખેલાડી, એક જ ચાલ, એક જ પોઈન્ટ બાકી હોય તો એ રમત તમે હારી ગયા છો તેમ ન કહેવાય આ સત્ય મેં વારંવાર અનુભવ્યું છે. પતાની રમતમાં મારા પૌત્ર આદિત્ય સાથે પતાની રમતમાં હું હંમેશા હારી જાઉં છું. સાત વરસનો આદીત્ય બધી ઈન્ડોર ગેમમાં મને હરાવી દે છે. હમણા પતાની રૂપિયાબાજીની રમતમાં તેની પાસે ચાર પતા હતા. અને બાકીના બધા મારી પાસે એટલે ગેઈમ પુરી કરવા કહ્યું તારી પાસે ચાર પતા છે અને મારી પાસે ૪૮ છે તો હું જીતી ગયો છું... રમત પૂરી ના દાદાતમે પતાને ઉતરો રમત પૂરી જ રમવી છે. અને મેં પતું ઉતર્યુ લાલનો પંજો અને તેની પાસે લાલનો પંજો હતો એટલે મળ થઈ બન્ને પતા ઉપાડી લીધા. પછી વારો આવ્યો બાદશાહ ઉતર્યો એટલે તેણે ત્રણ પતામાં બે જોડ પતા ઉતરતા તેને પતા મળતા ગયા મેળ પતું તેને જીતાડતું ગયું અને આખરે તે જીતી ગયો સંસારમાં પણ આ રીતે ગેઈમ રમવાની છે. હજારો નહિ, લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે. ઈશ્વર આખરે ચમત્કાર કરે છે અને આપણી હારની બાજીને જીતમાં પલટી નાખે છે. હજારો આવા દાખલા છે. તેથી કદી કયારેય નિરાશ ન થવું તે શાસ્ત્ર વચન છે.

ન માની શકાય એવું એક કડવું સત્ય છે. ''માનવ પ્રકૃતિ સ્વાર્થી છે.'' આખા જગતમાં દરેક માણસ પોતાની ગરજ પ્રમાણે પોતાના સ્વાર્થ પ્રમાણે બીજા માણસા સાથે સંબંધો રાખે છે. એકબીજાના સ્વાર્થના કારણે સ્વાર્થ પૂરો થયો એટલે સંબંધો પૂરા થાય છે. જોકે આ કડવું આકરા લાગે તેવા શબ્દો છે પણ જે છે તે સાચી વાત કહેવી જોઈએ આપણે આ વાતમાંથી અપવાદરૂપ બહાર નીકળી જવા લખું છું. બીજા ભલે તમારી સાથે સ્વાર્થથી વર્તન કરે પણ તમે નિસ્વાર્થી બનજો. જો કોઈ તમારા માટે કોઈ કાંરી રોપે તમે ફુલ આપજો થોડા માણસો જો આમ કરશે તો આ કડવા સત્યમાંથી જગત બહાર નીકળી સુંદર બનશે. જેનું નામ અમર માણસોની ડાયરીમાં છે તેઓએ નિઃસ્વાર્થપ્રમાણે કાર્ય કર્યુ છે. વૈજ્ઞાનિકો શોધખોળ કરનારાઓ સંતો સેવાભાવીઓ


ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા

વગેરે આવા લોકોથી જ જગત સુંદર લાગે છે. આવા લોકોથી જ જીવન મધુર લાગે છે. આપણે આ મધુરતામાં ઉમેરો કરવો જોઈએ. આજે જગતમાં યુધ્ધો થાય છે દિવસ રાત માણસોને મારવા શસ્ત્રો બનાવાય છે. આ પાગલપન છે. દુનિયામાં કોઈ પણ માણસ બસો વરસ જીવવાનો નથી કોઈ પણ વ્યકતી ગમે તેટલો કરોડપતિ હોય, ગમે તેટલો મોટો સતાશાળી હોય તો પણ તેને કોઈ યાદ કરવાના નથી પેલું ગીત સાંભળ્યું છે ને''એક દિન બીક જાયેગા માટી કે મોલ'' પરંતુ કંઈક સારું કર્યુ હશે. આબાં વાવ્યા હશે તો તમારી પેઢી કેરી ખાતા યાદ કરશે.

આપણે સૌ આપણાં સંતાપો માટે નીચેનાં શાસ્ત્ર વચનોને વારંવાર વાંચવા જોઈએ. આપણને સૌથી વધુ દુઃખ આપણા સંબંધીઓનું અને નજીક લોકોનું હોય છે. તે માટે આવું વિચારવું જેમને આપણી સાથે પ્રેમ સંબંધ તે વ્યકતિ લેણદેણના બાકી સંબંધોને લીધે બને છે. આપણી આસપાસ આપણા સગાવહાલાં કોણ બનશે ? કોણ પતિ–પત્ની ? કોણ માતા–પિતા–? જો કોઈ વ્યકિત દુઃખ આપે તો વિચારવું કે પૂર્વજન્મે તમે તેમને દુઃખ આપ્યું હશે. સમતાભાવે ગીતા વાંચી સંબંધોનો સ્વીકાર કરવો. ધર્મમાં કર્મ વાદનો સિધ્ધાંત સમજવાથી દુઃખની માત્રા ઓછી થશે. ખૂબ પ્રેમ હોય એવા મિત્રો સંબંધીઓ દૂર થઈ જાય દુશ્મન થઈ જાય તો ચિંતા કરશો નહી. વેર–દ્વેષનો હિસાબ પૂરો થતાં ફરી મિત્રો બની જશે. અવેરે જઅ શમે વેરજ શમે વેરથી તે સૂત્ર જીવનમાં વણી લેવું તમે આમ કહ્યું તમે આમ બોલ્યા એવા વિચાર કરી ક્રોધને ભડકાવશો નહિ. મહાપુરૂષોના જીવનમાં આવું લખ્યું છે. ભગવાન મહાવીરના દીકરી–જમાઈ તેમની વિરૂધ્ધ હતા. ગાંધીજીના દીકરા વિશે વાંચજો પ્રકાશન પડછાયો દિનકર જોશી ઈસુ ખ્રિસ્તે એવો શું ગુનો કર્યો હતો કે અત્યંત કઠોર સજાકરી? સોફેટીસનો શા માટે ઝેર આપ્યું ભગવાન રામ વિશે સીતા વિશે લોકોએ કહ્યું ?

કસોટીના કાળમાં હિંમત ન હારો બધાની ક્ષમા માગો. ભલે તમારી ભૂલ ન હોય. તમારા મનમાં તુર્ત જ શાંતિ થશે. હદયનો સંઘર્ષ ઓછો થશે. આપણા સંબંધીઓ સાથે સંબંધો જોડો. તોડોલ નહિ એમા અહંકાર રાખ્યા વગર પ્રેમની સિમેન્ટ લગાવો ત્રણ વખત છતાં તિરાડ રહે તો ઈશ્વરની મરજી જાણી દુઃષીત થાઓ. કારણ કે સંસારમાં અનેક માણસો સ્વભાવથી જુદા હોય છે. એટલે જ યુધ્ધ થાય છે ઝઘડા થાય છે કજીયાથી દૂર રહો. ભલે ગમે તેવી બાંધછોડ કરવી પડે રૂપિયાની વાત હોય તો રૂપિયા જવા દો કારણ કે ચિંતા તમને બલ્ડ પ્રેસર, ડાયાબિટીસ જેવા રોગોની ભેટ આપશે. રાતે શાંતિથી ઉંઘ માટે પેમનો પાઠ કરીને સુવું ઈશ્વરને પ્રાર્થના કરવી. દયાળુ પ્રભુ સૌનું થાઓ કલ્યાણ સૌના સુખમાં આપણું સુખ છે. રામાયણ, મહાભારત અને વેદોથી અધિક આશ્વાસન કયાંય નથી. સમય મળે ત્યારે શાસ્ત્રનું શ્રવણ પઠન ચર્ચા કરવી. ભગવાન વેદવ્યાસે માનવજાતને રસ્તો ચિંધવા સાર્થક જીવન જીવે તે માટેનો ઉપદેશ આપ્યો છે ખૂબ પ્રયત્નથી થોડીક પણ શાંતિતથાય તો ધન્ય ભાગય આપણને અદભુત ગ્રંથોનો વારસો મળ્યો છે.**(અપૂર્ણ) ધીરજ વ્યાસ**

# સમજણ એ જ નારાયણ

## ''જીવની સત્ય ઘટના,એમ સાંભળતુ નથી કોઈ : બધે કહેવુ પડે છે કે, કહાની લઈને આવ્યો છું''

જીવન યાત્રા છે. યાત્રામાં અનેક પડાવ આવે. અનેક ઘટનાઓ, અનુભવો અને ખટમીઠીયાદીઓનો સરવાળો

કવિ ઈકબાલ મેરઠીનો શેર છે કે :–

''સૈરકર દુનિયાંકી ગાફિલ, ફિર જીંદગાની કહા ?

જીંદગી ગર રહી ન રહી, ફિર નવજવાની કહા ?''

ગધ્ધા પચીસની ઉંમર વટાવી...પછી આજીવીક સાથે અધ્યાત્મ જાળવવા માટે દરરોજની જેમ એ રાત્રે પણ અમરેલીના સ્વયંભૂ પ્રગટ નાગનાથ મહાદેવ મંદિર પરિસરમાં હું મારા મિત્ર સાથે બેઠો હતો. આ વાત છે.આજથી વીસ વર્ષ પહેલાની...

એ સમયે, ત્યાં નાગનાથ મહાદેવના પરમભકત પૂ. જાદવબાપાએ અમને કહ્યુ 'મંદિરના બ્લેક બોર્ડ પર કંઈક સારુ લખો.'સસ્નેહ આમંત્રણ મળતા જાણે 'સ્પાર્ક' થયો. પછી થી દરરોજ નિયમિત,વ્યવસ્થિત, ચોકકસ અને પધ્ધતિસ્ત તાજા સુવિચારો–સાતત્યપૂર્ણ રીતે લખુ છુ. પૂ.દાદાના મંદિરે આ લેખનયાત્રામાં લખાયેલા સુવિચારોનો મેં કરેલા સંગ્રહથી નોટબુકો ભરાઈ ગઈ છે. સ્થાનિક રામજી મંદિરે પણ મેં આ લેખન જાળવેલા છે. જે..

ખર્ચ વગરની પણ અસકારક આ સેવા છે.મંદિરોની ગરીમા અને વિચારોનુ




ચોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી.)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


'લવેલ' જાળવીને આકર્મની સાતેક અખબારે અને દર્શનાર્થીઓ, શુભેચ્છકોએ આ કાર્યક્રમની કદર કરી છે. દેશ–વિદેશમાં ડીઝિટલ માધ્યમાંથી આ સુવિચારો પહોંચે છે. આ સુવિચારોના માધ્યમથી હું પૂ.નાગનાથ મંદિરે અભિષેક કરૂ છુ. વર્ષ૨૦૧૪થી 'સમજણ એ જ નારાયણ' શીર્ષકથી અમરેલી એકસપ્રેસ અખબારમાં કોલમ લખુ છુ. તે માટે ઘણુ બધુ વાંચવુ પડે છે. છાપાયેલા આર્ટીકલની મોટી બધી ફાઈલ થઈ છે. કવિ હર્ષદભાઈ ચંદારાણા, આદરણીય મનુદાદા જોષી અને ઉત્સાહી પરેશભાઈ મહેતા વગેરેએ 'અમરેલી એકસપ્રેસ' – અખબારના તંત્રશ્રી મનોજભાઈ રૂપારેલને મારી ભલામણ કરી...લખતો કર્યો છે. પાંચસો થી વધુ આર્ટીકલો પ્રસિધ્ધ કરી પ્રિય મનોજભાઈ, મિલાપભાઈ અને દૈનિક પરિવારે મને પ્રેરણા આપી છે. પછીથી મેં અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈને હું વિજેતા થયો છુ. આ બધા નિઃસ્વાર્થ સેવાકાર્યોના ફળસ્વરૂપે 'પુસ્તકો રડે છે.' એ વિષય ઉપરની લેખ સ્પર્ધા અન્તર્ગત તારીખ ૦૯–૦૬–૨૦૨૪(આજે) અમદાવાદમાં 'પારિજાત એવોર્ડ' અપાશે. આ સફળતાનું ભાવપુષ્ને નાગનાથ મહાદેવ કૃપા સમજુ છુ. સૌને જય નાગનાથ...પ્રણામ. કવિ રાજેન્દ્ર શુકનો શેર છે.:–'' આ અહિયા પહોંચ્યાપછી એટલુ સમજાય છે.: કોઈ કાંઈ કરતુ નથી, આ બધુ તો થાય છે.''

# હાસ્યધર્મથી 'પ્રભુ પ્રેમ અવિરત છ'ની વાત કરીએ

પ્રભુ આપણે અનન્ય પ્રેમ કરે છે એ તોલવા માટે ત્રાજવા ટૂંકા પડે એટલો ભરપૂર પ્રેમ ભગવાન બધા જીવને કરે છે. એવી જ રીતે સંતો પણ તેમના શિષ્યનોને ભરપૂર પ્રેમ કરતા હોય છે. સંતોની વાણી એટલે અમૃતનો વરસાદ. આ આપણી ભૂમિ પર અનેક સંતો અવતર્યા છે. પૂજય મોટા એક એવા જ સંત થઈ ગયા. તેમની વાણીથી અનેકના જીવન નવપલ્લવિત થયા છે. તેઓ કહે છે આયુર્વેદિક દવા ઘુંટવાથી જેમ તેની શકિતમા વધે છે. તેવી રીતે ભગવાનનુ નામ વધારે ને વધારે ઘુંટાય જાય છે. ત્યારે એમાંથી ફલિત થતી શકિત ઉત્સાહ વધે છે. સાહસ હિંમત જેવા ગુણોને ઉદય થયો અનુભવાય છે. અને સહનશકિત પણ વધે છે.

આવા ગુણો આપણામાં છે. જ પણ તે છતા થાય છે. આપણા રોજિંદા જીવનમાં તન–મનથી માંદગીમાં દૂઃખ અને હતાશામાં સહનશકિત, હિંમત, ઉત્સાહ આનંદ કેટલા જરૂરી હોય છે. એ આપણે સમજી છીએ. શ્રી મોટા કહે છેઃ બહાર આપણે ગમે તે કામમાં હોઈએ તો પણ અંદરનુ

આપણુ કામ એક ૫ વાર પણઅટકવુ ન જોઈએ. એમાં એકલીનતા અને રસ જામ્યા હોય અને સાથે સાથે બહારના કામ પણ યોગ્ય રીતે અને યોગ્ય ભાવે થયા કરતા હોય તો જાણવુ કે ઠામ છીએ બાકી તો નાહ્યાં એટલુ પુણ્ય અને કમાયા એટલુ આપણા બાપનું છે. પૂજય મોટા અનેક રોગો અને શારિરિક તકલીફોથી ઘેરાયેલા હતા. છતા કેવા મોટા કામો કરી ગયા! તેઓ કહેતા કે જેમના હદયમાં પ્રભુ પ્રત્યે ઉંડો વિશ્વાસ અને શ્રધ્ધા છે.

તેનો આત્મવિશ્વાસ પણ જાગતો રહે છે. અને તે મર્દાનગી અઅને ખુમારીપૂર્વક જીવન જીવી શકે છે. આપણને પરમાત્મા અંગે જાગૃતિ, સભાનતા છે ખરા? પરમાત્મા પણ સર્વત્ર છે કેવળ આપણે તેના પ્રત્યે સભાન નથી હોતા. દુઃખમાં આપણે પરમાત્માને યાદ કરીએ છીએ પણ જો સતત પરમાત્માને યાદ કરતા હોઈએ તો કેવુ સારૂ! પરમાત્મા મય થઈ જવામાં જ સુખ સમાયેલુ છે. હસો અને હસતા રહોએ પણ પરમાત્માની ભકિત જ છે.

# મૌનનું મૂલ્ય

આમ તો આપણે ત્યાં શાસ્ત્રો અને ધર્મમાં મૌન વિશે વાત કરવામાં આવી છે મૌન વ્રત બતાવવામાં આવ્યા છે ચૈત્ર મહિનામાં પણ આવા મૌન ઘણા લોકો રાખતા હોય છે આખો દિવસ મૌન રહે છે પરંતુ રોજિંદા જીવનમાં પણ મૌનનું એટલું જ મહત્વ છે જેટલા આપણા શબ્દો મૂલ્યવાન છે. એટલું જ મૂલ્યવાન છે આપણું મૌન કારણ કે માણસને જીભ ભલે જન્મથી મળ તી હોય પણ કયારેય બોલવું અને કયારેય ચૂપ રહેવું એની સમજણ આવતા કદાચ જીવન જતું રહે છે અને જે માણસને આ સમજણ આવી જાય છે તે ખરેખર ઘણું બધું પામી શકે છે કારણકે કયારે કેમની શું બોલવું એનો વિવેક જેટલો જરૂરી છે એટલો જ જરૂરી છે કયારેક ચૂપ રહેવું નિવેક કારણ કે મોટા ભાગની સમસ્યાઓ ન બોલવાની જગ્યાએ બોલી જવાથી થતી હોય છે અયોગ્ય સમયે બોલાઈ જવાથી થતી હોય છે એના બદલે જો જે તે સમયે ચુપ રહેવામાં આવે તો એ સમસ્યાઓથી બચી શકાય છે તો ચુપ રહેવાની આવડત પણ એટલી જ જરૂરી છે કેમ કે ઘણી વખત આપણું નુકસાન આપણે પોતે જ આપણા શબ્દો દ્વારા કરતા હોઈએ છીએ આપણી બે લગામ જીભના ચાલવાથી થતું હોય છે ત્યારે સમજણ પૂર્વકનું મૌન ધરવામાં આવે તો ઘણી ખરી સમસ્યાઓથી બચી શકાય છે આપણે ગુજરાતીમાં એક કહેવત પણ છે ન બોલવામાં નવ એ મુજબ ઘણી વખત ન બોલીને મેન રહીને પણ ઘણું બધું થઈ શકે છે વળી

## અનુભૂતિનાં અક્ષરો


- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ




માણસ જયારે મેન રહે છે ત્યારે તે પોતાની જાતને મળે છે એની જયાંથી પોતાને અસલ સ્વરૂપમાં શોધી શકે છે પોતાના જીવનનું ધ્યેય જાણી શકે છે પરંતુ આ સમજણ બધાને હાથવગી નથી હોતી જેમ ઘણા માણસોને આજીવન શું બોલવું અને કયારે બોલવું એની સમજ નથી હોતી એમ કયારેક ચુપ રહેવું એની પણ સમજ નથી હોતી કેમ કે એવા લોકોની માત્ર શારીરિક વહી વધે છે માનસિકની અને આવી સમજણ માત્ર વહી વધવાથી નથી આવતી અને એટલે જ આપણી આસપાસ ઘણા લોકો આપણે જોઈએ છીએ કે જે ઉંમર લાયક તો થાય છે પણ ઉંમરને લાયક થતા નથી વળી, આ મેન પણ કયારે ને કેવા સમયે રાખવું એની પણ ચોક્કસ સમજણ હોવી જોઈએ કારણ કે ઘણી વખત ત્યાં બોલવું જ જોઈએ એવા સમયે રાખેલું મૌન કે ચુપ્પી પણ હાનિકારક બને છે એટલે મેન કયારે રાખો એને જો ટૂંકમાં કહીએ તો એક ગુસ્સાના સમયમાં મૌન રાખવું કારણ કે ક્રોધના સમયમાં માણસ પોતાની વિચારવાની કે તર્ક કરવાની શક્તિ ગુમાવી દેશે છે ત્યારબાદ જયાં તમારા શબ્દોનું મૂલ્ય ના હોય જયાં તમારા શબ્દોને અવગણવામાં આવતા હોય ત્યાં મૌન રાખવું જયાં કોઈપણ પરિસ્થિતિના બે પહેલું વિશે જાણ ન હોય એવા સમયે એક તરફી મત આપ્યા વગર મૌન જાળવવું આમ આ અને આવા વિપરીત સંજોગોમાં મૌન જાળવવાથી ઘણો ફાયદો થાય છે માટે મૌનનું મહત્વ સમજી યોગ્ય સમયે આ મૌનનો ઉપયોગ કરવો કારણ કે ઘણી વખત શબ્દો જે જવાબ નથી આપી શકતા એ જવાબ મૌન આપી જાય છે ઘણી વખત આપણું મૌન પણ એટલું મજબૂત હોય છે કે તે ધાર્યો પ્રહાર કરી શકે છે પરંતુ મેન મક્કમ અને મજબૂત હોવું જોઈએ મૌનનો આશય શુભ હોવો જોઈએ પરંતુ એ જ સાથે અન્યાયની પરિસ્થિતિમાં જાણતા હોવા છતાં મૌન રહેવું એ અપરાધ છે તો આપણે સૌ આપણા મૌનનું મૂલ્ય સમજીએ અને શબ્દોને સાચવીને વાપરીએ અને યોગ્ય સમયે મનની મહત્તા પણ સમજીએ.

# અમરેલી : જીલ્લા કાનૂની સેવા સતા મંડલ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



સમગ્ર દેશમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત જીલ્લા કાનૂની સેવા સતા મંડલ અમરેલી દ્વારા વૃક્ષારોપણ કરીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વન વિભાગ અમરેલી પણ સહભાગી બન્યો હતો. ઉજવણીમાં એડીશનલ સેશન્સ જજ ડી.એસ. વાસ્તવ, પ્રીન્સીપાલ સિનીયર સિવીલ જજ એમ.જે.સૈયદ, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ એન.જે. નાયી, ઓઝા, વ્યાસ તથા સિવીલ જજ કે.બી.પરમાર અને ગઢવી પણ જોડાય હતા ઉપરાંત બાર એસોસીએશન અમરેલીના પ્રમુખ હોદેદારો અને કચેરીના સૌ સભ્યઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ઉજવણી માટે જિલ્લા કાનૂની સેવા સતા મંડલ અને ડીસ્ટ્રીકટ કોર્ટના સ્ટાફે જહેમત ઉઠાવી હતી તેમ ફુલ ટાઈમ સેક્રેટરી જિલ્લા કાનૂની સેવા સતા મંડળ અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### અનેક આગેવાનોએ દિગ્ગજોને હરાવ્યા

## લોકસભાની ચૂંટણીનાં પરિણામોમાં બહુજન રાજનીતીનો ઉદય થયો

### અયોધ્યા બેઠક ઉપર અનુ.જાતિનાં ઉમેદવાર વિજેતા

અમરેલી તા. ૮

તાજેતરમાં સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીની પ્રક્રિયા દરમિયાન બહુજન રાજનીતીના નવા અધ્યાયની શરૂઆત થઈ છે.

૧૮ ફેબ્રુઆરી–૨૦૨૧ ટાઈમ મેગેજીનના સર્વેમાં વિશ્વના ૧૦૦ પ્રતિભાશાળી વ્યકિતઓમાં એડવોકેટ ચંદ્રશેખર આઝાદ (રાવણ)નો સમાવેશ કરવામાં આવેલ, વર્ષ, ૨૦૧૫માં ભીમ આર્મી નામના સંગઠનની સ્થાપના કરવામાં આવેલ, વર્ષ ૨૦૧૬માં ઉત્તરપ્રદેશના સહારનપુરમાં દલીત વિદ્યાર્થીઓ ઉપર થયેલ હુમલાઓ બાદ ચંદ્રશેખર આઝાદ ખુબ જ એકટીવ થયેલ.

વર્ષ ૨૦૨૦માં માન્યાવર કાંશીરામ સાહેબના જન્મ દિવસે આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ)ની સ્થાપના કરવામાં આવેલ.



ઉત્તરપ્રદેશની નગીના લોકસભા સીટમાં ભવ્ય જીત મેળવી પોતાના દમ ઉપર એન.ડી.એ. ઈન્ડિયા ગઠબંધન તેમજ બી.એસ.પી.ના. ઉમેદવારની સામે ઐતિહાસિક જીત મેળવી આવનારા સમયમાં બહુજન રાજનીતીના નવા અધ્યાયાની શરૂઆત થઈ છે.

હાલ ભારતના રાજકારણમાં કોંગ્રેસ પાર્ટી ખાડે ગયેલ હોય દલિત નેતા માલિકા અર્જુન ખડગેને પક્ષની કમાન સોંપવામાં આવેલ વર્ષ ૨૦૨૪ પરીણામ બધાની સામે છે.

શાંભવી ચૌધરી બિહાર સમસ્તીપુર બેઠકના સૌથી નાની વયના દલિત સાંસદ બન્યા છે. સંજના જાટવ–ભરતપુર રાજસ્થાન સૌથી નાની વયના સાંસદ જેઓએ રાજસ્થાનના ભજનલાલ શર્માને હરાવ્યા છે.

કુમારી શૈલઝા–હરીયાણા શીરસા સીટ લોકસભા ઉપરથી ભવ્ય જીત મેળવેલ.

ચરણજીતસિંહ સન્ની પંજાબના પૂર્વ મુખ્યમંત્રીની પણ ભવ્ય જીત થઈ છે.

ફૈઝાબાદ લોકસભા સામાન્ય સીટ પર અનુસુચિત સમાજના અવધેશ પ્રસાદની ભવ્ય જીત અયોધ્યા નગરી, રામનગરી તરીકે હાલમાં ઓળખવામાં આવે છે. સમાજવાદી પાર્ટીએ જનરલ સીટ પરથી ચુંટણી લડાવી હોય વડાપ્રધાન, મુખ્યમંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગદળ, સંઘ સંચાલક વિગેરેની ઉપસ્થિતિ આમ છતાં મતદારોએ ઉમળકાભેર વિજય બનાવેલ.

આમ લોકશાહીના પર્વમાં નવી ચેતના સાથે બહુજન રાજનીતીમાં ક્રાંતિકારી પરીવર્તન આવશે. તેમ યુવા એડવોકેટ સંજય કાતરીયાની યાદી જણાવે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૧ ઉપરનું ચાલું **ધારીમાં ખરખરાનાં કામે**

હાર્દિકભાઈ હર્ષદભાઈ ઠાકર નામનાં આરોપી પાસે મકાન વેચાણ પેટેના રૂપિયા ૫,૫૦,૦૦૦ બાકી હોય અને આરોપીના દાદા અવસાન પામેલ હોય. જેથી આધેડ તથા તેના પરિવારના સભ્યો તા. ૩ ના સાંજે ૫ વાગ્યે આરોપીના ઘરે ખરખરાના કામે ગયેલા હતા. તે વખતે આધેડે આરોપી પાસે પોતાના બાકી લેવાના રૂપિયા માંગતા એક મહિલા સહિત ચાર જેટલાં આરોપીઓએ આધેડ તથા સાહેદો અનુ.જાતિના હોવાનું જાણવા છતાં જ્ઞાતિપ્રત્યે હડધુત કરી જેમ ફાવે તેમ ગાળો આપી આરોપી હાર્દિકભાઈ ઠાકરે આધેડ તથા સગાને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### દેશનાં ઈલેકટ્રોનીકસ મીડિયાની આબરૂ ક્રમશઃ ધરાશાયી થઈ રહી છે

## દેશમાં યોજાયેલ લોકસભા ચૂંટણીમાં સોશ્યલ મીડિયાનાં પત્રકારોએ સચોટ અહેવાલ રજૂ કર્યા

### એક પક્ષ તરફી દિવસ–રાત અહેવાલો પ્રસિધ્ધ કરનાર મીડિયાએ વિશ્વાસ ગુમાવ્યો

અમરેલી, તા. ૮

દેશમાં તાજેતરમાં સંપન્ન થયેલ લોકસભાની ચૂંટણીનાં સચોટ અહેવાલ પ્રસિધ્ધ કરવામાં ઈલેકટ્રોનીકસ મીડિયા કરતાં સોશ્યલ મીડિયા અગ્રેસર રહ્યું અને ખાસ કરીને ઉત્તરપ્રદેશનાં ચૂંટણી પરિણામ અંગે સોશ્યલ મીડિયાનાં 4 PM સહિતનાં મીડિયા પ્લેટફોર્મે અગાઉથી જ જાણકારી આપી દીધી હતી.

દેશમાં છેલ્લા ૧૦ વર્ષથી મીડિયા જગત ક્રમશઃ તેમની તટસ્થતાં ગુમાવી રહ્યું છે અને ઈલેકટ્રોનીકસ મીડિયાને આજે સૌ ગોદી મીડિયા તરીકે ઓળખી રહ્યું છે. તો અમુક વર્તમાનપત્રો પણ તટસ્થતા ગુમાવી ચુકયા છે. તેવા સમયે સોશ્યલ મીડિયામાં વરિષ્ઠ પત્રકારોની ડીબેટનો વિશ્વાસ દેશમાં વધી રહ્યો છે. કરોડો દેશવાસીઓ ટીવી મીડિયા કરતાં સોશ્યલ મીડિયાનાં અહેવાલોને વધારે સમર્થન આપી રહ્યા છે.

દેશમાં ટીવી મીડિયાએ નફરતનું વાતાવરણ ઉભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને નાણાકીય લાલચનાં લીધે ટીવી મીડિયાને તેમની ગરિમા ધુળધાણી કરી દીધી છે. જો કે ટીવી મીડિયાનાં ગરિમાસિંગ, રાજીવરંજન જેવા ગણ્યા ગાંઠયા પત્રકારોએ પોતાની આબરૂ જાળવી રાખી છે.

પાના ૧ ઉપરનું ચાલું **કાળઝાળ ગરમીમાં ઈન્ટર્નલ તબીબો**

આરોગ્યલક્ષી સુવિધા મળી રહે તે માટે ૬૦ વર્ષ પહેલા વિશાળ મેદાનમાં તે સમયની આધુનિક સુવિધાસભર સિવિલ હોસ્પિટલની ભેટ આપેલ.

પરંતુ વર્તમાન સરકારે શિક્ષણ અને આરોગ્ય સેવાની જવાબદારી સ્વીકારવાને બદલે તેમનું ખાનગીકરણ કરવાની દોડ લગાવી હોવાથી તેનો ભોગ નિર્દોષ બાળકો અને દર્દીઓ બની રહ્યા છે. કારણ કે રાજય સરકારે સિવિલ હોસ્પિટલ અને તેમનું વિશાળ મેદાન ખાનગી ટ્રસ્ટને સોંપી દીધું અને તે મેદાન ઉપર શરૂ થયેલ મેડિકલ કોલેજની મોંઘીદાટ ફી વાલીઓ પેટે પાટા બાંધીને કરે અને જયારે તેમનું બાળક ડોકટર બનવા તરફ હોય તે સમયે ખાનગી મેડિકલ કોલેજ ધ્વારા તેમને ઈન્ટરશીપ માટે દર મહિને રૂપિયા ૧૮૨૦૦ જેટલું માનદવેતન આપવાનું હોવા છતાં પણ ખાનગી ટ્રસ્ટ જુનિયર તબીબોને માત્ર ૧૦ હજાર રૂપિયા આપીને ૧૨ કલાક કામ કરાવે.

આ બાબતથી નારાજ થઈને ૧૨૧ જેટલા જુનિયર તબીબો દોઢથી બે મહિનાથી રજૂઆત કરી રહ્યા છે. ૩ દિવસ પહેલા કલેકટર મારફત રાજય સરકારને પણ આવેદનપત્ર પાઠવ્યું છતાં ન્યાય ન મળતાં છેલ્લા ૨ દિવસથી કાળઝાળ ગરમી વચ્ચે હોસ્પિટલનાં મેદાનમાં પ્રતિક ધરણા કરતાં હોય જેમાં ૨ જુનિયર તબીબોની તબિયત લથડી છતાં પણ મેનેજમેન્ટ ધ્વારા જુનિયર તબીબોને ન્યાય મળતો નથી.

આશ્ચર્યજનક બાબત એ છે કે સમાજ સેવી હોવાનો દંભ ભરતા એકપણ રાજકીય કે સામાજિક આગેવાન જુનિયર તબીબની સમસ્યા દૂર કરવા માટે મદદે આવતાં નથી અને દિનપ્રતિદિન જુનિયર તબીબોની ચિંતા વધી રહી છે.

અનેક વિવાદોથી ઘેરાયેલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજનાં મેનેજમેન્ટ ધ્વારા જુનિયર તબીબોની સમસ્યાનું સમાધાન ન થાય તો ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક જુનિયર તબીબોને તમામ મદદ કરીને મેનેજમેન્ટ સામેનો અવાજ બુલંદ બનાવશે.

પાના ૮ ઉપરનું ચાલું

**જાફરાબાદનાં હેમાળ ગામનાં**

નાગરની જમીનમાં ખેડૂતની એક ફુટ જમીન નિકળેલ હોય. જેથી એ વખતે પથ્થર નાખેલ હોય જે પથ્થર આરોપીએ કાઢી નાખતા હોય તેથી ખેડૂતે તેને પથ્થર કાઢવાની ના પાડતા તે બાબતનું મનદુઃખ રાખી રવજીભાઈ સોમાભાઈ નાગર તથા બે મહિલા સહિત સાત જેટલાં આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી એકસંપ કરી ખેડૂત તા. ૬ ના સાંજે ૫:૩૦ વાગ્યે તેની મોટર સાયકલ લઈને નિકળતા આરોપીઓએ આડા ફરી વાંસાના ભાગે, જમણા હાથના બાવડામાં લોંખડના સળીયા, વાંસના ટુકડા તથા બડીયા વડે આડેધડ મુંઢમાર મારી ખેડૂતને ગાળો આપી તથા શામજીભાઈ વચ્ચે પડતા આરોપીઓએ તેને પણ મુંઢમાર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનો ''રાજમહેલ'' જમીનદોસ્ત**

બિલ્ડીંગમાં સમાવેશ કરાવીને તેમાં પુસ્તકાલય, સંગ્રહાલય ઉભું કરવા માટે સરકારમાં રજૂઆત કરતાં આજથી ૬ મહિલા પહેલા સરકારે રૂપિયા ૩૫ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરીને તે માટે એક સર્વે ટીમ પણ મુલાકાત લઈ ગઈ.

પરંતુ વહીવટી પ્રક્રિયા એટલી ગોકળગાયની ગતિએ ચાલી રહી હોય બીજી તરફ રાજમહેલ દિનપ્રતિદિન બિસ્માર તરફ આગળ વધતો હોય અને હવે ચોમાસાનું આગમન થઈ રહ્યું હોય યુધ્ધનાં ધોરણે ''રાજમહેલ''ને સુરક્ષિત કરીને રીનોવેશન કામગીરી શરૂ કરવી પડશે નહીતો ''રાજમહેલ'' જમીનદોસ્ત થશે તો અફસોસ કર્યા સિવાય કાંઈ રહેશે નહી.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરામાંથી પવનચક્કીનાં વાહનો**

આવેલ જીરો પોઈન્ટથી ઈરીયા સીમ વિસ્તારમાં લોકેશન ઉપર જતી હતી. આ વખતે ગત તા. ૪ ના રાત્રીના સાડા બારેક વાગ્યે બાબરા શાહ પેટ્રોલપંપ પાસે આવતા બાબરા ગામે રહેતા ગજેન્દ્રભાઈ ઉર્ફે બાબભાઈ ભુપતભાઈ શેખવા સહિત ચાર આરોપીઓએ તેમની ફોર વ્હીલ નં. જી.જે.–૧૬ એપી–૫૧૯૧ પવનચક્કીના પાંખડા ભરેલ ગાડીઓ આડી રાખી દઈ અને જાહેર રસ્તા ઉપર અટકાવી અને પરમીશન બતાવવાના નામે ખેડૂત પાસેથી વાહન પસાર કરવાના નામે આરોપીઓએ વ્યકિતદીઠ રૂપિયા ૫૦,૦૦૦ લેખે રૂપિયા ૨,૦૦,૦૦૦ની માંગણી કરી ગેરકાયદે અવરોધ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૧૧ | ૧૧૬૫ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૨૪૩ |
| ૩ | શિંગદાણા | ૧૪૧૮ | ૧૬૫૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૯૨ | ૧૫૯૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૫૦ |
| ૬ | તલ કાળા | ૨૭૯૦ | ૩૨૪૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૭૯૦ | ૩૦૭૨ |
| ૮ | બાજરો | ૩૭૯ | ૪૬૮ |
| ૯ | જુવાર | ૪૨૧ | ૮૫૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૪ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૮ | ૫૭૭ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૬૧૯ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૩૨૯ |
| ૧૪ | ચણા દેશી | ૧૩૧૬ | ૧૩૩૧ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૨૧૦૧ |
| ૧૬ | કપાસ | ૯૦૧ | ૧૪૭૩ |
| ૧૭ | એરંડા | ૭૧૬ | ૧૦૭૪ |
| ૧૮ | જીરૂ | ૨૭૫૦ | ૫૩૯૦ |
| ૧૯ | રાયડો | ૯૯૨ | ૯૯૨ |
| ૨૦ | રાય | ૧૦૭૩ | ૧૦૭૩ |
| ૨૧ | ધાણા | ૭૧૦ | ૧૩૪૦ |
| ૨૨ | અજમા | ૧૬૦૦ | ૧૯૨૦ |
| ૨૩ | મેથી | ૧૦૯૧ | ૧૦૯૧ |
| ૨૪ | સોયાબીન | ૮૧૦ | ૮૭૯ |
| ૨૫ | મકાઈ | ૪૭૦ | ૫૮૧ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૨ | તલ | ૨૪૦૦ | ૨૫૦૬ |
| ૩ | તુવેર | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૪ | ધાણા | ૧૧૯૦ | ૧૩૧૦ |
| ૫ | શીંગ ફાડા | ૧૧૩૫ | ૧૫૭૦ |
| ૬ | મેથી | ૧૦૦૫ | ૧૦૦૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૨૧ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૫ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૬૮૦ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૪૧ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૬૨ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૮૯૨ |
| ૧૨ | મગ | ૧૪૫૦ | ૧૬૦૪ |
| ૧૩ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૪ | ચણા | ૧૨૦૦ | ૧૩૧૦ |
| ૧૫ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૧૬ | તુવેર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૮ | અડદ | ૧૬૦૦ | ૧૮૯૫ |
| ૧૯ | જીરૂ | ૪૧૦૦ | ૫૭૦૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૨ | ૧૨૭૩ |
| ૨ | મગ | ૧૪૯૯ | ૧૪૯૯ |
| ૩ | ચણા | ૧૨૭૫ | ૧૨૮૦ |
| ૪ | જુવાર સફેદ | ૭૯૧ | ૮૧૯ |
| ૫ | રાય | ૧૦૨૨ | ૧૦૨૨ |
| ૬ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૭ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ૮ | જીરૂ | ૫૩૦૦ | ૫૩૦૦ |
| ૯ | મકાઈ | ૩૫૨ | ૩૫૨ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૯૨ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૭૩ |
| ૬ | મેથી | ૮૫૦ | ૧૦૨૫ |
| ૭ | બાજરો | ૩૨૫ | ૩૨૫ |
| ૮ | તલ સફેદ | ૨૦૧૦ | ૨૫૪૨ |
| ૯ | શીંગફાડા | ૧૪૨૦ | ૧૪૭૫ |
| ૧૦ | સોયાબીન | ૮૦૩ | ૮૫૭ |
| ૧૧ | મગ | ૧૩૧૫ | ૧૫૦૯ |
| ૧૨ | અડદ | ૧૭૯૫ | ૧૮૫૦ |
| ૧૩ | મગફળી | ૯૧૫ | ૧૦૫૦ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | મકાઈ | ૩૧૫ | ૩૧૫ |
| ૧૬ | જુવાર | ૪૩૫ | ૮૧૨ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૦૭૫ | ૧૧૦૫ |
| ૩ | ચણા | ૧૧૭૫ | ૧૩૦૫ |
| ૪ | જીરૂ | ૪૫૩૦ | ૫૬૧૦ |
| ૫ | ઘઉં | ૪૭૦ | ૫૬૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૯૦ | ૨૫૫૦ |
| ૭ | એરંડા | ૯૬૨ | ૧૦૨૮ |
| ૮ | બાજરો | ૪૦૮ | ૪૪૨ |
| ૯ | મગ | ૧૨૯૦ | ૧૮૦૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૫૮ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૭૧૩ |
| ૩ | તલ કાળા | ૨૨૦૧ | ૩૦૦૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૨ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૪૯૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૨૫ |
| ૭ | જુવાર | ૪૫૦ | ૮૮૫ |
| ૮ | મકાઈ | ૫૪૦ | ૫૪૦ |
| ૯ | મગ | ૧૫૨૫ | ૧૬૦૦ |
| ૧૦ | મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૧ | અડદ | ૧૩૦૦ | ૧૮૨૫ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૧૨૮૫ |
| ૧૪ | જીરૂ | ૫૪૦૦ | ૫૪૦૦ |
| ૧૫ | એરંડી | ૯૦૦ | ૧૦૨૧ |
| ૧૬ | શીંગદાણા | ૧૦૭૫ | ૧૬૭૦ |
| ૧૭ | ચોળી | ૨૬૨૬ | ૨૬૨૬ |

### ટીડીપીને ૪ તો જેડીયૂએ માંગ્યા ૨ મંત્રાલય

# મોદી સરકાર 3.0 માં ટીડીપીના ૪ અને JDU ના ૨ મંત્રી લઈ શકે છે શપથ

## મોદી સરકાર ૩.૦ ની તૈયારીઓ ચાલી રહી છે. રવિવારે નરેન્દ્ર મોદી ત્રીજીવાર પ્રધાનમંત્રી પદે શપથ લેશે

નવી દિલ્હી, તા.૮

રવિવાર ૯ જૂને મોદી સરકાર ૩.૦ બનવા જઈ રહી છે. રવિવારે નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવનમાં પ્રધાનમંત્રી પદના શપથ લેશે. પીએમની સાથે નવી સરકારના મંત્રીમંડળ પણ શપથ ગ્રહણ કરશે.

આ સિવાય મોદી સરકાર ૩.૦ માં મંત્રાલયને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ વખતે ભાજપને સ્પષ્ટ બહુમતી મળી નથી તેથી એનડીએના સહયોગી દળો ટીડીપી અને જેડીયૂને પણ મંત્રીપદ મળવાનું નક્કી છે. સૂત્રો અનુસાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નવી કેબિનેટમાં ચંદ્રબાબૂ નાયડૂની ટીડીપીને ચાર મંત્રાલય મળશે, જ્યારે જેડીયૂને બે મંત્રાલય મળશે.

સૂત્રો પ્રમાણે મોદીની નવી કેબિનેટમાં જગ્યા મેળવનાર ચાર ટીડીપી નેતાઓમાંથી ત્રણ રામ મોહન નાયડૂ, હરીશ બાલયોગી અને ડગ્ગુમલ્લા પ્રસાદ છે. તો નીતિશ કુમારની જેડીયૂએ બે સીનિયર નેતાઓ લલન સિંહ અને રામનાથ ઠાકુરના નામ પ્રસ્તાવિત કર્યા છે. લલન સિંહ બિહારના મુંગેરથી લોકસભા સાંસદ ચૂંટાયા છે, જ્યારે રામ નાથ ઠાકુર રાજ્યસભા સાંસદ છે. રામનાથ ઠાકુર ભારત રત્ન કર્પૂરી ઠાકુરના પુત્ર છે.

શપથ ગ્રહણ પહેલા શનિવારે કેબિનેટમાં મંત્રાલયોને લઈને એનડીએની બેઠક થઈ હતી. સૂત્રો અનુસાર બેઠકમાં ટીડીપીએ આંધ્ર પ્રદેશમાં ૧૬ લોકસભા સીટ જીત્યા બાદ ચાર મંત્રાલય અને સ્પીકરનું પદ માંગ્યું હતું. પરંતુ હજુ સુધી પાર્ટીએ આ મુદ્દે કંઈ સત્તાવાર જણાવ્યું નથી. નોંધનીય છે કે લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી પોતાના દમ પર બહુમત મેળવી શકી નથી. ભાજપને માત્ર ૨૪૦ સીટ મળી છે. જ્યારે સરકાર બનાવવા માટે ૨૭૨ સીટોની જરૂર છે. પરંતુ એનડીએ ગઠબંધને બહુમત મેળવી લીધો છે. સરકાર બનાવવામાં ચંદ્રબાબૂ નાયડૂ અને નીતિશ કુમાર કિંગમેકર બનીને ઉભર્યા છે.

### હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ

# ૧૩ જૂન સુધી સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ થશે

## થન્ડરસ્ટોર્મ એક્ટિવિટીના કારણે જોરદાર પવન ફુંકાશે

અમદાવાદ, તા.૮

આજથી પાંચ દિવસ સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદ વરસવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે છોટા ઉદેપુર જિલ્લામાં આજે સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને છૂટો છવાયો વરસાદ પડ્યો છે. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં પણ અસહ્ય બફારા વચ્ચે મેઘરાજાની પધરામણી થઈ હતી અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. રાજ્યના ઘણા વિસ્તારોના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે અને વરસાદ પણ વરસ્યો છે. ૧૩ જૂન સુધી સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે. થન્ડરસ્ટોર્મ એક્ટિવિટીના કારણે ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફુંકાશે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિકે આગામી પાંચ દિવસના હવામાન અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાત માટે આવનારા ચાર દિવસ માટે અમુક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. જેમાં વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરાનગર હવેલીનો સમાવેશ થાય છે. આ ચાર દિવસ દરમિયાન જે સ્થળોએ હળવો વરસાદ થવાની સંભાવના છે તેમાં પંચમહાલ, દાહોદ, મહીસાગરનો સમાવેશ થાય છે. બીજી તરફ સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરાનગર હવેલીનો સમાવેશ થાય છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં અમેરલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ, દીવમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.ઉપરવાસના મધ્ય પ્રદેશમાં રાત્રી દરમિયાન ભારે વરસાદને પગલે કવાંટના ઉમઠીની સાપણ નદીમાં નવા નીર આવ્યા છે. ચોમાસાના આગમન પહેલાં જ કવાંટના ઉમઠી ગામની સાપણ નદીમાં નવા નીર આવ્યા છે.

છોટા ઉદેપુર જિલ્લાની સુકતા નદીમાં નવા નીર આવ્યા છે. ઉપરવાસના મધ્ય પ્રદેશમાં રાત્રિ દરમિયાન ભારે વરસાદને પગલે દેવહાંટ ખાતેથી પસાર થતી સુકતા નદીમાં નવા નીર આવ્યા છે. જ્યારે બીજી બાજું ચલામલીમાં ધોધમાર વરસાદને પગલે રસ્તા પર પાણી વહેવા લાગ્યું છે. હાલ ખેડૂતો ખેતીની નવી સિઝનની તૈયારીઓ કરી રહ્યા છે ત્યારે આ વરસાદ પડતાં ખેડૂતો આગામી ચોમાસાને ધ્યાનમાં લઈને વરસાદ પહેલાં ખેતર તૈયાર કરવા મથી પડશે.

### રાજકોટ જિલ્લામાં વાતાવરણમાં એકાએક પલટો

# રાજકોટના જામકંડોરણાના ગ્રામ્ય વિસ્તારોમાં દોઢ ઈંચ વરસાદ

## જામકંડોરણાના ચરેલ, દડવી ગામે વરસાદ વરસ્યો છે

જામકંડોરણા, તા.૮

ગુજરાતમાં આગામી ચાર દિવસ અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના કારણે આજે ગુજરાતના ડાંગ, વલસાડ, સુરત, પંચમહાલ, છોટાઉદેપુર અને રાજકોટ જિલ્લાના જામકંડોરણાના ચરેલ ગામે ધોધમાર વરસાદ વરસ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના ચલામલીમાં અને આસપાસના વિસ્તારમાં વરસાદ વરસતાં ગરમીથી રાહત મળી છે.

મધ્યપ્રદેશમાં ભારે વરસાદથી ઉમઠીના સાપન નદીમાં નવા નીરની આવક થઈ છે. ચોમાસા પહેલા જ ઉમઠીમાં સાપન નદી વહેતી થઈ તો નર્મદા ડેમની પાણીની આવકત પણ વધી છે. ડેમમાં ૯૪ હજાર ૪૦૫ ક્યુસેક પાણીની આવક થઈ છે. સતત બીજા દિવસે પણ ગિરીમથક સાપુતારામાં સતત બીજા દિવસે વરસાદી વાતાવરણથી પ્રવાસીઓમાં ખુશી જોવા મળી હતી.રાજકોટ જિલ્લામાં વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ જામકંડોરણાના તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો છે.

જામકંડોરણાના ચરેલ, દડવી ગામે વરસાદ વરસ્યો છે. દડવી, કાના વડાળા, ચરેલ ગામે ભારે પવન સાથે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ચરેલ ગામે અંદાજિત ૧.૫ ઈંચ વરસાદ ખાબકતા પાણી પાણી થયું છે. ચરેલ ગામે ભારે પવનના કારણે વૃક્ષ પણ ધરાશાયી થયું છે. સવારથી અસહ્ય ઉકળાટ બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. લોકોને અસહ્ય ગરમીથી રાહત મળી છે. ગુજરાતમાં આગામી ચાર દિવસ અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અને ગુજરાત પર સાયક્લોનિક સર્ક્યુલેશન બનતા વરસાદ પડશે. ગુજરાતના કયા જિલ્લામાં વરસાદની આગાહી કરાઈ છે.

### CWCની બેઠકમાં પ્રસ્તાવ પાસ

# રાહુલ ગાંધીને વિપક્ષના નેતા બનાવવાનો પ્રસ્તાવ પસાર કરાયો

## કોંગ્રેસના રાજ્યસભા સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું કે રાહુલ ગાંધીએ ચોક્કસપણે લોકસભામાં વિપક્ષના નેતા બનવું જોઈએ

નવી દિલ્હી, તા.૮

શનિવારે કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC) અને પાર્ટી સંસદીય દળની બેઠક યોજાઈ હતી. આ દરમિયાન રાહુલ ગાંધીને વિપક્ષના નેતા બનાવવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ના સભ્યોએ એક ઠરાવ પસાર કર્યો છે કે રાહુલ ગાંધીને લોકસભામાં પાર્ટીના નેતા તરીકે નિયુક્ત કરવામાં આવે.

CWCની બેઠક પછી કોંગ્રેસના રાજ્યસભા સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું કે રાહુલ ગાંધીએ ચોક્કસપણે લોકસભામાં વિપક્ષના નેતા બનવું જોઈએ. તેમણે કહ્યું કે આ અમારી વર્કિંગ કમિટીની વિનંતી હતી. તેઓ નીડર અને હિંમતવાન છે. આ સાથે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બાદ કોંગ્રેસ પાર્ટીના નેતા કે.સી. વેણુગોપાલે કહ્યું કે હવે કોંગ્રેસ પાર્ટીનું પુનરુત્થાન શરૂ થઈ ગયું છે. આ ઝઉઝની ભાવના છે.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બાદ મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ કહ્યું કે અમારી વર્કિંગ કમિટીની ઈચ્છા છે કે રાહુલ ગાંધી વિપક્ષના નેતા અને દેશની જનતાનો અવાજ બને. જેના આધારે તેઓને જનતા સમક્ષ સત્ય લાવવાની તાકાત મળશે.

આ સાથે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બાદ કોંગ્રેસ પાર્ટીના નેતા કે.સી. વેણુગોપાલે કહ્યું કે હવે કોંગ્રેસ પાર્ટીનું પુનરુત્થાન શરૂ થઈ ગયું છે. આ ઝઉઝની ભાવના છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ વર્કિંગ કમિટીએ સર્વસંમતિથી રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતાનું પદ સંભાળવા વિનંતી કરી છે. સંસદની અંદર આ અભિયાનનું નેતૃત્વ કરવા માટે રાહુલ ગાંધી સૌથી યોગ્ય વ્યક્તિ છે.

### સેન્ટ્રલ હોલમાં યોજાઈ બેઠક

# કોંગ્રેસ સંસદીય દળના નેતા તરીકે સોનિયા ગાંધીની વરણી

## પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ સંસદીય દળની બેઠકમાં સોનિયા ગાંધીના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો

નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને સંસદીય દળના નેતા તરીકે ચૂંટણી થઈ ગઈ છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ સંસદીય દળની બેઠકમાં સોનિયા ગાંધીના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો. ત્યાર બાદ સર્વસમ્મતિથી સોનિયા ગાંધીને સંસદીય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોએ કોંગ્રેસ પાર્ટીમાં નવો પ્રાણ ફૂંક્યો છે. પાર્ટીના નેતાઓથી લઈને કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ દ્વારા સતત બેઠકો ચાલી રહી છે. સંસદના સેન્ટ્રલ હોલમાં કોંગ્રેસની બેઠક યોજાઈ. આ બેઠકમાં સોનિયા ગાંધીને કોંગ્રેસ સંસદીય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સંસદીય દળની બેઠકમાં નેતા ચૂંટાયા બાદ સોનિયા ગાંધીએ સાંસદોને કહ્યું કે, મારા પર વિશ્વાસ મુકવા બદલ આપ સૌનો આભાર. સાંપ્રદાયિક ધ્રુવીકરણ, સરકારની ખોટી નીતિઓ વિરુદ્ધ લડતા રહીશું. આગળ પણ આપણી નીતિઓ માટે જનહિતમાં સંઘર્ષ કરતા રહીશું. અમારી કોશિશ રહેશે કે સંસદ વ્યવસ્થિત રીતે ચાલે. ૭૭ વર્ષીય સોનિયા ગાંધી ફેબ્રુઆરીમાં રાજ્યસભા માટે ચૂંટાયા હતા, અગાઉ કોંગ્રેસ કાર્યકારી સમિતિ (ઝઉઝ) એ સર્વસંમતિથી રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતાની જવાબદારી સંભાળવા વિનંતી કરી હતી અને તેમણે પક્ષના ટોચના નેતાઓને કહ્યું હતું કે તે તેના પર વિચાર કરશે અને ખૂબ જ ટૂંક સમયમાં નિર્ણય લેશે. આપને જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા બાદ ૧૮મી લોકસભા ગઠનની પ્રક્રિયા શરુ થઈ ચુકી છે.

નરેન્દ્ર મોદી ૯ જૂનની સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજીત સમારંભમાં સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી પદના શપથ લેશે. આ દિવસે તેમની કેબિનેટમાં સામેલ થનારા મંત્રી પણ પદ અને ગોપનિયતાના શપથ લેશે.

### ૧૭ જૂને પહેલા લેવાશે નિર્ણય

# રાહુલ ગાંધી રાયબરેલી સીટ પોતાની પાસે રાખે તેવી શક્યતા

## રાહુલ ગાંધી કેરળની વાયનાડ લોકસભા સીટ છોડી શકે

નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી કેરળની વાયનાડ લોકસભા સીટને છોડીને રાયબરેલી સીટ પોતાની પાસે રાખે તેવી શક્યતા છે. કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં તેને લઈને ચર્ચા થઈ છે. ૧૭ જૂન પહેલા તેની પર નિર્ણય લેવામાં આવશે. કોંગ્રેસ કાર્યસમિતિમાં નેતાઓની વચ્ચે એ બાબતને લઈને ખેંચતાણ થઈ કે રાહુલ ગાંધીએ રાયબરેલી કે વાયનાડ બેમાંથી કઈ સીટને છોડવી જોઈએ. સાંસદ કે.સુરેશનું કહેવું છે કે રાહુલ ગાંધી બીજી વખત વાયનાડના સાંસદ છે અને વાયનાડના લોકો તેમને પોતાના પ્રતિનિધિ તરીકે ઈચ્છે છે. જોકે રાયબરેલી સીટ રાખવા માટે વધુ ભાર આપવામાં આવ્યો છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ૯૯ સીટો જીતીને રાષ્ટ્રીય રાજકારણમાં પોતાની ભૂમિકાને મજબૂત કર્યા પછી કોંગ્રેસે શનિવારે પાર્ટીની કાર્યસમિતિની બેઠક બોલાવી છે. કોંગ્રેસમાં નિર્ણય લેનારી ટોચની સંસ્થા સીડબલ્યુસીની બેઠક નવી દિલ્હીના આશોકા હોટલમાં યોજાઈ હતી. જેમાં લોકસભા ચૂંટણીના પરિણામો અને ભવિષ્યની રણનીતીઓ પર મહત્વપૂર્ણ વિચાર-વિમર્શ થયા હતા. પાર્ટ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સિવાય પાર્ટીના ટોચના નેતા આ બેઠકમાં સામેલ થયા હતા. બેઠક દરમિયાન રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતા બનાવવાની સર્વાનુમતે માંગ કરવામાં આવી હતી. કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યોએ ઠરાવ પસાર કર્યો છે કે રાહુલ ગાંધીને લોકસભામાં પાર્ટીના નેતા તરીકે નિયુક્ત કરવામાં આવે. લોકસભામાં વિપક્ષના નેતા માટે તેમના નામનો પ્રસ્તાવ પસાર થયા બાદ રાહુલ ગાંધીએ કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યોને થોડો સમય આ અંગે વિચારવા કહ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમની શરૂઆતની ટિપ્પણીમાં કહ્યું, 'હું તમારું ધ્યાન એ હકીકત તરફ દોરવા માંગુ છું કે જ્યાં પણ ભારત જોડો યાત્રા ગઈ ત્યાં અમે કોંગ્રેસ પાર્ટીની વોટ ટકાવારી અને બેઠકોની સંખ્યામાં વધારો જોયો.'સભા દરમિયાન પોતાના સંબોધનમાં તેમણે કહ્યું, 'મણિપુરમાં અમે બંને બેઠકો જીતી. અમે નાગાલેન્ડ, આસામ અને મેઘાલયમાં પણ સીટો જીતી. અમે મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યા છીએ. દેશની લોકશાહી અને બંધારણને બચાવવા માટે તમામ ક્ષેત્રના લોકોએ કોંગ્રેસ પાર્ટીને ટેકો આપ્યો હતો. વધુમાં, અમે એસસી, એસટી, ઓબીસી અને લઘુમતી મતદારોના વર્ચસ્વવાળી બેઠકો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અમારી બેઠકોમાં વધારો જોયો છે. આગળ વધીને આપણે શહેરી વિસ્તારોમાં પણ આપણી હાજરી સ્થાપિત કરવી પડશે. તેમણે વધુમાં કહ્યું કે જ્યારે પાર્ટી તેના પુનરુત્થાનની ઉજવણી કરી રહી છે, ત્યારે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ થોડો વિરામ લેવો જોઈએ કારણ કે કેટલાક રાજ્યોમાં અમે અમારી ક્ષમતાઓ અને અપેક્ષાઓ મુજબ પ્રદર્શન કર્યું નથી.

### શપથગ્રહણ સમારોહ રવિવારે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાશે

# નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેશે

## પાડોશી દેશ અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં આવેલા દેશના નેતાઓને આમંત્રણ રાષ્ટ્રપતિ ભવનમાં ૮૦૦૦થી વધારે મહેમાનો માટે વ્યવસ્થા કરવામાં આવી

નવી દિલ્હી, તા.૮

લોકસભાની ચૂંટણીમાં જનતાના જનાદેશ પછી નરેન્દ્ર મોદી સતત ત્રીજીવખત પ્રધાનમંત્રી બનશે. નરેન્દ્ર મોદી અને તેમના મંત્રી પરિષદનો શપથગ્રહણ સમારોહ આવતીકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાશે. આ પ્રસંગે હંમેશની જેમ આ વર્ષે પણ પાડોશી દેશ અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં આવેલા દેશના નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ તરફથી સરકાર બનાવવા માટેનું ભાજપના નેતૃત્વવાળા NDAને આમંત્રણ મળી ગયું છે. જેના કારણે આવતીકાલે સાંજે નરેન્દ્ર મોદી અને તેમનું મંત્રીમંડળ શપથ લેશે. એનડીએ સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદી રવિવારે સાંજે સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે મોદીને સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું હતું. મુર્મુએ મોદીને વડાપ્રધાન પદ માટે નામાંકિત કર્યા છે. લોકસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળ એનડીએને ૨૯૩ બેઠકો મળી હતી. જ્યારે ભાજપે એકલા હાથે ૨૪૦ બેઠકો જીતી છે. પીએમ મોદીના શપથ ગ્રહણ સમારોહમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, માલદીવ, ભૂટાન, નેપાળ, મોરેશિયસ અને સેશેલ્સના ટોચના નેતાઓ હાજરી આપે તેવી શક્યતા છે. શપથ ગ્રહણ સમારોહ માટે દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવનની સુરક્ષા માટે અર્ધલશ્કરી દળોની પાંચ કંપનીઓ, નેશનલ સિક્યૂરિટી ગાર્ડ (NSG) કમાન્ડો, ડ્રૉન અને 'સ્નાઈપર્સ' તૈનાત કરવામાં આવી છે. વિદેશી મહેમાનો રાજધાનીની લીલા, તાજ, આઈટીસી મૌર્ય, ક્લેરિજ અને ઓબેરોય હૉટલમાં રોકાશે. જેના કારણે હૉટલોને સુરક્ષા કવચ હેઠળ લેવામાં આવી છે. સમારોહના દિવસે દિલ્હી પોલીસના SWAT અને NSG કમાન્ડો રાષ્ટ્રપતિ ભવન અને વિવિધ મહત્વના સ્થળોની આસપાસ તૈનાત રહેશે. અધિકારીઓએ જણાવ્યું કે દિલ્હી પોલીસના અધિકારીઓએ સમારોહને ધ્યાનમાં રાખીને સુરક્ષા યોજનાઓ બનાવવા માટે પોલીસ હેડક્વાર્ટર અને નવી દિલ્હી જિલ્લામાં ઘણી બેઠકો યોજી હતી. શપથ ગ્રહણ રાષ્ટ્રપતિ ભવનની અંદર થવાનું છે, તેથી સંકુલની અંદર અને બહાર ત્રણ સ્તરીય સુરક્ષા રહેશે. દિલ્હી પોલીસના જવાનોને 'આઉટર સર્કલ' પર તૈનાત કરવામાં આવશે, ત્યારબાદ અર્ધલશ્કરી દળો અને રાષ્ટ્રપતિ ભવનના આંતરિક સુરક્ષા કર્મચારીઓને 'ઈનર સર્કલ'માં તૈનાત કરવામાં આવશે.

અર્ધલશ્કરી દળોની પાંચ કંપનીઓ અને દિલ્હી સશસ્ત્ર પોલીસ (ડીએપી) કર્મચારીઓ સહિત લગભગ ૨,૫૦૦ પોલીસ કર્મચારીઓને સ્થળની આસપાસ તૈનાત કરવાની યોજના છે, અધિકારીએ જણાવ્યું હતું. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે મહાનુભાવો દ્વારા ઉપયોગમાં લેવાતા માર્ગો પર 'સ્નાઈપર્સ' અને સશસ્ત્ર પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે અને નવી દિલ્હી જિલ્લામાં મહત્વપૂર્ણ સ્થળોએ ડ્રોન તૈનાત કરવામાં આવશે. તેમણે કહ્યું કે ગયા વર્ષે આયોજિત G-20 સમિટ દરમિયાન જે વ્યવસ્થા કરવામાં આવી હતી તે જ રીતે સુરક્ષા કોર્ડન રહેવાની શક્યતા છે. અધિકારીએ કહ્યું કે, દિલ્હીના મધ્ય ભાગ તરફ જતા ઘણા રસ્તાઓ રવિવારે બંધ થઈ શકે છે અથવા સવારથી જ ટ્રાફિક બદલાઈ શકે છે. શનિવારથી જ રાષ્ટ્રીય રાજધાનીની સરહદો પર ચેકિંગ વધારવામાં આવશે.

રાષ્ટ્રપતિ ભવનના એક રીલીઝ મુજબ, "પ્રાપ્ત વિવિધ પત્રોના આધારે, રાષ્ટ્રપતિએ અવલોકન કર્યું કે ભાજપની આગેવાની હેઠળનું એનડીએ ગઠબંધન નવી રચાયેલી ૧૮મી લોકસભામાં બહુમતી મેળવવા અને સ્થિર સરકાર બનાવવાની સ્થિતિમાં છે. "ભારતના બંધારણના અનુચ્છેદ ૭૫(૧) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નરેન્દ્ર મોદીને ભારતના વડાપ્રધાન તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે." રવિવારે સાંજે ૭.૧૫ કલાકે કેન્દ્રીય મંત્રી પરિષદના અન્ય સભ્યોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે. મોદીએ શુક્રવારે સાંજે અહીં રાષ્ટ્રપતિ ભવનમાં મુર્મૂ સાથે મુલાકાત કરી હતી. રાષ્ટ્રપતિ મુર્મૂએ મોદીને નામાંકન પત્ર સોંપ્યો. "રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ એનડીએના નેતા અને વડાપ્રધાન તરીકે નિયુક્ત નરેન્દ્ર મોદીને દહીં ખવડાવ્યું અને તેમને કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું," ભાજપે મુર્મૂ અને મોદીની તસવીર સાથે 'X' પર પોસ્ટમાં જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ભાજપ, ટીડીપી, જેડી(યુ), શિવસેના અને એલજેપી (આર)ના તમામ મુખ્ય સાથી પક્ષોને સરકારમાં પ્રતિનિધિત્વ આપવામાં આવશે. વિદેશથી આવેલા મહાનુભાવો શપથ ગ્રહણ સમારોહમાં તો હાજરી આપશે ત્યારબાદ આ નેતાઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા આયોજિત ડીનરમાં ભાગ લેશે. ભારતના પાડોશી અને હિંદ મહાસાગર ક્ષેત્રના દેશના નેતાઓના શપથ ગ્રહણ સમારોહમાં આમંત્રિત કરવાની પાછળ નેબર ફર્સ્ટ પોલિસીને ધ્યાનમાં રાખવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવનમાં ૮૦૦૦થી વધારે મહેમાનો માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દેશના પહેલા પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ પછી પીએમ મોદી સતત ત્રીજીવાર સત્તામાં આવનારા બીજા ભારતીય નેતા છે. હજુ તો નરેન્દ્ર મોદીએ ત્રીજીવાર શપથ પણ નથી લીધા તે પહેલાં ભાજપના એક નેતાએ તેમના ચોથા પીએમ પદની આગાહી કરી દીધી છે. હાલ તો નવી દિલ્લીમાં ઉજવણીનો માહોલ છે. કેમ કે મોદી સરકાર ૩.૦ની શપથવિધિ યોજાવાની છે ત્યારે આશા રાખીએ કે ગઠબંધન સરકાર લોકોના વિકાસના કાર્યો કરે.

આ વિદેશી નેતાઓ થશે સામેલ

શ્રીલંકાના રાષ્ટ્રપતિ- રાનિલ વિક્રમસિંઘે
માલદીવના પ્રમુખ- ડૉ. મોહમ્મદ મુઈઝુ
સેશેલ્સના વાઈસ પ્રેસિડેન્ટ- અહેમદ અફિફ
બાંગ્લાદેશના વડાપ્રધાન - શેખ હસીના
મૉરેશિયસના વડાપ્રધાન - પ્રવિંદ કુમાર જુગનાથ
નેપાળના વડાપ્રધાન - પુષ્પ કમલ દહલ "પ્રચંડ"
ભૂટાનના વડાપ્રધાન- શેરિંગ તોબગે.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેક્ટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in




## આગામી થોડા જ દિવસોમાં ચોમાસાનું આગમન થઈ રહ્યું હોય

# અમરેલીનો ''રાજમહેલ'' જમીનદોસ્ત થાય તે પહેલા રીનોવેશન કરો

**છેલ્લા ૨ વર્ષથી ''રાજમહેલ''નાં કાંગરા ક્રમશઃ ખરી રહ્યા છે અને સરકારી તંત્ર સર્વેમાં વ્યસ્ત જોવા મળી રહ્યું છે**

**રૂપિયા ૩૦ થી ૩૫ કરોડ રાજમહેલનાં રીનોવેશન પાછળ સરકારે આપવાનું નક્કી કર્યુ પણ કામમાં કયાંય ગતિ નથી**

**રાજમહેલ જમીનદોસ્ત થઈ જશે તો અફસોસ કરવા સિવાય કાંઈ મળવાનું નથી**

**સર્વે, પ્રારંભિક મંજૂરી, વહીવટી મંજૂરી, નાણાકીય મંજૂરી જેવા ભારેખમ શબ્દોમાં ફાઈલ આગળ વધતી જ નથી**






અમરેલી, તા. ૮

અમરેલીનાં ગૌરવસમા ''રાજ મહેલ''ની હાલત છેલ્લા ઘણા વર્ષોથીદિનપ્રતિદિનઅતિબિસ્માર બની રહી છે. છેલ્લા ૧૫ વર્ષથી ''રાજ મહેલ''નાં કાંગરા ખરી રહ્યા છે અને સરકારીતંત્ર રાજમહેલનાંરીનોવેશનની ગુલબાંગોફેંકીરહ્યુંછે. પણ''રાજમહેલ'' જમીનદોસ્તનથાયત્યાંસુધીવહીવટીતંત્ર રાહ જોતું હોય તેવું લાગી રહ્યું છે.

આઝાદી પહેલા ''રાજમહેલ''ની એક આગવી ઓળખ હતીજયાંઅમરેલીનાંરાજાગાયકવાડનાં ઉતારા રહેતા હતા. ડો. જીવરાજ મહેતા જેવાદિગ્ગજઆગેવાનોનીઅવરજવર હતી તેવા ૧૫૦ વર્ષ પુરાણા ''રાજમહેલ''નેઆઝાદીબાદસરકારને હવાલે કરાયો. જયાં એક સમયે ન્યાય મંદિર, કલેકટરઅનેપોલીસઅધિક્ષકની કચેરીકાર્યરતહતીઅનેછેલ્લા૨૦વર્ષથી ક્રમશઃ તમામ કચેરીઓ અને ન્યાય મંદિરનાંપોતાનાભવનબનીજતાંઅને બીજીતરફ''રાજમહેલ''બિસ્માર બની રહ્યો છે.

આ અંગે ''અમરેલી એકસપ્રેસ'' સહિતનાં મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ રાજકીય આગેવાનોએ''રાજમહેલ''નેહેરિટેજ

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### જમીનમાં પથ્થર નાખવા બાબતે માથાકૂટ

## જાફરાબાદનાં હેમાળ ગામનાં પ્રૌઢ ખેડૂત ઉપર સાત ઈસમોએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૮

જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે રહેતા ગગજીભાઈ ગોંવિદભાઈ નાગર નામનાં ૪૮ વર્ષિય ખેડુતે આજથી ચાર વર્ષ પહેલા જમીન માપણી કરાવેલ હોય અને તેજ ગામે રહેતા આરોપી સોમાભાઈ કાળાભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**











---

### ચોમાસાનાં એંધાણથી ખેડૂતો સહિત સૌ કોઈ ખૂશ

## બાબરા અને અમરેલીનાં બાબાપુર સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડતાં ઠંડક પ્રસરી

### સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો




તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર, પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લાની જનતા છેલ્લા ૬૦ દિવસથી અસહ્ય ગરમીનો સામનો કરી રહ્યા છે. ગરમીનાં લીધે સવારનાં૧૦થીસાંજના૬ સુધીસામાન્ય જનજીવન અસ્ત વ્યસ્ત થઈ જતું હોય તેવાસમયેવરસાદીમહિના ગણાતા જેઠ મહિનાનાં પ્રારંભે જ મેઘરાજાએ આગમનનીછડીઠપકારતાસૌકોઈખૂશ થયા છે.

અમરેલીનાં બાબાપુર ગામે અર્ધા ઈંચ જેટલો વરસાદ તો આજુબાજુનાં ગામોમાં સામાન્ય છાંટા પડયાનું જાણવા મળેલ છે. તો બાબરા તાલલુકાનાં સમઢીયાળા, રાયપર, નિલવડા સહિતના ગામડાઓમાં વરસાદ તો બાબરાની અમુક સીમમાં પણ વરસાદ પડયા હોવાનાં વાવડ મળી રહ્યા હતા. ભારે ગરમીનાં બફારા બાદ પવન સાથે વરસાદનું આગમન થયું હતું.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)